
અંત થી આરંભ
ઉમા પરમાર

# અંતથી

# આરંભ

અક્ષરનાદ
AksharNaad.com

ઉમા પરમાર

# પ્રકરણ-૧

બિંદુ એકીટશે બારીમાંથી બહાર જોઈ રહી હતી અને નયનાબહેન  એકીટશે બિંદુને જોઈ રહ્યા હતા. નયનાબહેનની વ્યગ્રતા અને ચિંતા બંને એમના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાતાં હતાં. એમણે ધીમે રહીને બિંદુના ખભે હાથ મૂક્યો, અને કહ્યું, 'બેટા, તું ક્યાં સુધી આમ બારી પાસે ઊભી રહીશ? એકવાર વ્યોમની સામે તો જો!  બિચારો બે વાર આવીને જોઈ ગયો કે મૉમ આવી દશામાં ક્યારની ઊભી રહી છે અને પછી એણે જ મને તારી પાસે મોકલાવી છે. તું સમજતી કેમ નથી બેટા, કે મહેશના જવાને બે વર્ષથી વધુ સમય થયો. તને નથી લાગતું કે તારે વાસ્તવિકતા સ્વીકારી લેવી જોઈએ? તારા પંદર વર્ષના યુવાન દીકરા સામે જો! એણે પણ પિતા ગુમાવ્યા છે, પણ તારા કરતા વધુ સમજદાર એ સાબિત થઈ રહ્યો છે. એની આ ઉંમરમાં એના માટે આ સ્વીકારવું કઈ સહેલી વાત નથી. અને મહેશની લાશ ક્યાંયથી નથી મળી કે નથી તેની ભાળ કોઈ જગ્યાએથી મળી, તેથી શું એના જીવિત હોવાનો પુરાવો મળી જાય છે?  જો એ ખરેખર જીવિત જ હોય તો બે વર્ષ ઉપર થવા આવ્યા, પણ તમને લોકોને આ દશામાં જોઈને શું એ પાછો ના આવી શકે કે કોઈ સંદેશ ના મોકલાવી શકે?'

બિંદુ એની સામે ફરીને, એને તાકી રહી. ધીરેથી બોલી, 'પણ મમ્મી! હું શું કરું તે તું કહે. એક ચિઠ્ઠી પણ એણે નથી મૂકી તો એનું અસ્તિત્વ જ નથી એમ કેવી રીતે માની લઉં? હું ભરપૂર પ્રયત્ન કરું છું, પણ સાંજ પડે ને યાદોથી ઘેરાઈ જાઉં છું. મારા કે એમના મિત્રો સાથે પણ હું કેટલી વાતો શૅર કરું? એકલતા મને કોરી ખાય છે, રાત પડે ને એના વગરની સૂની પથારી મારી ઊંઘ છીનવી લે છે. હા, હું માનું છું કે અમારી વચ્ચે નાના-મોટા ખટરાગ ચાલ્યા કરતા હતા, પણ એનો મતલબ એ નથી કે આમ અમને મૂકીને ગાયબ થઈ જવું. ઘર છોડી જતાં રહેવું. પોલિસે પણ તો સાફ કહી દીધું કે, આ કિડનેપિંગનો કેસ નથી. કારણ કે એવી કોઈ કડી જ નથી. અને મુંબઈ જેવા શહેરમાં સીધી-સાદી નોકરી ને ઘર, ન કોઈ

સાથે વાદ-વિવાદ કે દુશ્મની; તો પછી શું કામ કોઈ એને કિડનેપ કરે?' એ અટકીને બારી બહાર ક્ષિતિજે તાકી રહી, ફરી બોલી;

'કોઈ પણ કમી બાકી ક્યાં રહેવા દીધી છે આપણે એને શોધવામાં, એટ લીસ્ટ એ જીવે છે કે નહિ એ પણ તો ખબર પડે. આમ, પળ-પળ રીબાવું કેટલું અઘરું હોય છે.' બોલતાં બિંદુના ચહેરા પરના વિષાદ સાથે બારી બહારનો અંધકાર પણ રૂમમાં છવાયો.

એટલામાં જ આદિ આવ્યો. મહેશનો લંગોટિયા ફ્રેન્ડ આદિત્ય, પણ બધા એને આદિ કહીને જ બોલાવતા.

'નમસ્તે આંટી, કેમ બંને જણા અંધારામાં ઊભા છો? આજે લાઇટ સાથે કિટ્ટા છે કે કેમ?'

'અરે ના, આદિ! આવ, તું જ અજવાળું ફેલાવી દે ને આવ્યો છે તો! લાઇટ ચાલુ કરી દે. એ તો અમે વાતમાં મશગૂલ હતાં તો કંઈ ખબર જ નહોતી રહી.' નયનાબહેને થોડો હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'આંટી, મેં ગઈ કાલથી બિંદુને કહ્યું હતું કે થોડું શૉપિંગ કરવું છે. મારા નવા કિચન માટે. એક તો મને કંઈ સૂઝ પડે નહિ કે એકલ માણસને કેટલી અને કઈ વસ્તુની જરૂર પડે. તમને તો ખબર છે કે ફેમિલીના બધા જ લોકો મોટા ભાઈ પાસે અમેરિકા જતા રહ્યા છે અને હું રહ્યો અલગારી જીવ, પણ જીવવા માટે ખાવું તો પડેને! તો બંદા હાજર છે, જો તમે હવે રજા આપો તો અમે જઈએ?'

બિંદુએ ન જવા માટે મોડું થયાનું કારણ ધર્યું અને થોડી આનાકાની કરી, પણ મા અને આદિ સામે વધુ ટકી ન શકી. એ થોડી જ વારમાં તૈયાર થઈને આવી. જતાં-જતાં એણે વ્યોમને પૂછ્યું કે, એને કશું મંગાવવું છે? પણ વ્યોમે 'ના' પાડી તેથી બંને નીકળ્યા. કાર હજી થોડે દૂર જ પહોંચી હતી ત્યાં આદિના મોબાઇલની રિંગ વાગી. એણે કૉલ રિસીવ કર્યો, 'હાય સ્વીટહાર્ટ! કેમ છે?'થી શરૂ કરીને આડી-ટેઢી અને ગાંડાઘેલા જેવી ઘણી વાતો કર્યા પછી એણે ફોન મૂક્યો. અને બિંદુ સામે જોઈને સ્માઇલ આપ્યું. એ તેને નિર્લેપ ભાવે તાકી

રહી. આદિ ઇચ્છતો હતો કે એ તેને કંઈ પૂછે, પણ એના બદલે બિંદુએ રસ્તા પર જોવાનું વધુ પસંદ કર્યું!

આદિની જરૂરિયાત અને પસંદ જાણીને એને બધી શૉપિંગ કરાવી દીધી. પછી વ્યોમે 'ના' પાડી હતી છતાં એના માટે પાસ્તા લીધા, કારણ કે એને ખબર હતી કે પાસ્તા એના ફેવરિટ છે તેથી એને ગમશે. રસ્તામાં આવતી વખતે આદિ એને જાતભાતની વાતો કરીને હસાવવાની કોશિશ કરતો રહ્યો. અને એ ક્યારેક હળવું સ્માઇલ આપી દેતી. રસ્તે જ આદિએ નક્કી કર્યું કે પહેલાં એના ઘરે સામાન ઉતારી દેશે અને પછી બિંદુને એના ઘરે ડ્રૉપ કરી જશે.

# પ્રકરણ-૨

રહી-રહીને બિંદુને વિચાર આવતો કે અમીના ગુજરી જવા પછી આદિએ કોઈ બીજી ગર્લફ્રેન્ડ શોધી કાઢી લાગે છે જેને એ સ્વીટહાર્ટ કહેતો હતો. કારણ કે એ આદિના બેફિકરા અને થોડા મોજીલા સ્વભાવથી વાકેફ હતી, કૉલેજના સમયથી. આદિની વાઇફ અમીનું આઠ મહિના પહેલાં જ અકસ્માતમાં મોત થયું હતું અને હજી તો એમની દીકરી કિઆરા અગિયાર જ વર્ષની જ હતી. થોડા સમયમાં તો આદિએ પોતાની જાતને સંભાળી લીધી હતી. અને એના બિઝનેસમાં જાતને ખૂંપાવી દીધી હતી. મહેશના  ગયા પછી આદિ અને એનું કુટુંબ રાત-દિવસ એની પડખે રહ્યું હતું. ધીમે-ધીમે બધા માટે જિંદગી સામાન્ય થતી ગઈ. લોકો આગળ વધતા ગયા, પણ એ જયાંની ત્યાં ઊભી રહી ગઈ. પણ, સમય કંઈ બિંદુ માટે થોડો અટકી જાય તેમ હતો? અમી અને આદિએ એને આ કપરા અને આઘાતજનક સંજોગોમાંથી બહાર કાઢવાની ખૂબ જ કોશિશ કરી જોઈ. અને હજી તો આ આઘાતમાંથી બહાર નીકળાય એ પહેલાં તો અમીનું મૃત્યુ એને બીજો આઘાત આપી ગયું. ફરી લોકો સમયના ચક્રની સાથે ચાલતાં ગયાં અને હજી પણ એની સાંજ, પહેલાંની જેમ બારી પાસે આથમતા સૂરજને જોવામાં નીકળી જતી!

અચાનક એક હળવો ઝાટકો લાગ્યો. ‘મેડમ,ક્યાં ખોવાઈ ગયાં? ઘર આવી ગયું, ઊતરવું નથી?’ આદિના અવાજે એને જાણે ઢંઢોળી અને એ અતીતમાંથી પાછી ફરી. હળવું સ્માઇલ આપી, ‘ગુડનાઇટ’ કહીને બહાર નીકળી. બે ડગલાં ચાલીને કોણ જાણે કેમ પણ એને પાછા વળીને જોવાનું મન થયું. અને એણે જોયું પણ ખરું! તો આદિ હજુ ત્યાં જ હતો. એને જોતાં જોઈને એણે હળવી સ્માઇલ આપીને કાર વાળી લીધી. ઘરમાં જઈને એણે વ્યોમ માટે લાવેલ પાસ્તા કાઢી આપ્યા. એ ખુશ થયો અને બોલ્યો, ‘મૉમ, મને હતું જ કે તું આવું કંઈ લાવીશ જ. થેંક્સ!’

બે દિવસ એમ જ પસાર થયા. ત્રીજા દિવસે સવારે આદિનો ફોન આવ્યો કે, આજે સાંજે ડીનર પર બધા જઈશું. એણે ‘ના’ પાડી પણ આદિ એમ માને એવો ક્યાં હતો. એણે તો

જીદ પકડી કે, ગમે તે થાય ડીનર સાથે કરવું જ છે! એણે ફરી થોડા રોષ અને ખીજ સાથે 'ના' કહી. પણ તે ન માન્યો. કંટાળીને નછૂટકે એણે 'હા' પાડી. એની 'હા' સાથે જ ખુશખુશાલ આદિએ કોઈ યુવાનની અદાથી 'યસ! થેંક યૂ' કહીને ફોન મૂકી દીધો.

કલાક રહીને વ્યોમ એના ટ્યૂશન જવા માટે રેડી થઈને બહાર આવ્યો અને જતાં-જતાં કહેવા લાગ્યો, 'મોમ, આજે તો આદિ અંકલ પાર્ટી આપવાના છે તો તું સાંજે જલદી આવી રહેજે. મેં અને બાએ તો અંકલને વિશ પણ કરી દીધું છે.'

'કેમ? શા માટે?' બિંદુએ પૂછ્યું.

'અરે! તું ભૂલી ગઈ? આજે એમનો બર્થ-ડે છે.'

'ઓહ! સોરી બેટા, હું તો સાચે ભૂલી જ ગઈ હતી. સારું તે યાદ અપાવ્યું તો.' બિંદુએ કહ્યું અને વ્યોમ 'બાય' કહીને નીકળ્યો. એને પોતાના ભૂલકણા સ્વભાવ પર ખીજ ચઢી, થોડું ખરાબ પણ લાગ્યું કે આજના દિવસે એની સાથે સવારમાં જ કેવી થોડા ગુસ્સા ભરેલા અવાજે વાત કરી. ઉપરથી બર્થ-ડેની શુભેચ્છાઓ પણ ન આપી તે જુદું. એણે થોડા સંકોચ સાથે આદિને મોબાઇલ જોડ્યો અને જેવો એણે કૉલ રિસીવ કર્યો તરત જ બિંદુના કંઈ કહેવા પહેલાં જ 'થેંક યૂ' કહી દીધું.

'સોરી આદિ! હેપ્પી બર્થ-ડે! હું ખરેખર સવારે ભૂલી જ ગઈ હતી. એ તો સારું થયું કે વ્યોમે યાદ અપાવ્યું.' બિંદુએ કહ્યું.

એ હસ્યો, 'મને ખબર જ હતી કે હવે જો તારો ફોન આવશે તો મને વિશ કરવા જ આવશે. એટલે મેં તને પહેલાં જ થેંક્સ કહી દીધું. અને હવે તો સાંજે સારા મૂડમાં આવીશને?' એણે થોડા મજાકિયા અંદાજમાં પૂછી લીધું.

'હા, ચોક્કસ જ વળી!' ફોન મૂકીને એ થોડી વાર વિચારી રહી કે એને શું ગિફ્ટ આપે, પણ એને કંઈ સૂઝ ન પડતા વિચારવાનું પડતું મૂકીને કામે વળગી. સાંજે ઘરે આવતા જ નયનાબહેન તૈયાર બેઠાં હતાં. તેને નવાઈ લાગી એટલે તે બોલી, 'વાહ, મમ્મી! તું તો હમણાંથી જ રેડી થઈ ગઈને કંઈ!'

'અરે બેટા, બપોરે જ મારી ફ્રેન્ડ જમાનાનો ફોન હતો. એના ઘરે 'ગેટ ટુ ગેધર' રાખ્યું છે. અને તું તો જાણે છે કે, અમે બધી જ ફ્રેન્ડ્સ કેટલાં વખતથી મળવાનું પ્લાન કરતાં હતાં. તેથી હું ન જાઉં તો ચાલે જ નહિ. તેથી હું તો હમણાં જ નીકળી જાઉં છું. તું અને વ્યોમ જઈ આવજો.' નયનાબહેન બોલ્યાં.

'ઓકે મમ્મી! તું જા, તારી બહેનપણીઓ સાથે એન્જોય કર. અમે જઈ આવીશું.'

એ ફ્રેશ થઈને તૈયાર થવા લાગી. એણે અરીસામાં પોતાની જાતને ધ્યાનથી જોઈ, જાણે વર્ષો પછી પોતાની જાતને જોતી હોય એવું એને લાગ્યું. થોડા સફેદ વાળ અને ચહેરા પર આંખોની આસપાસની થોડી કરચલી એનું ધ્યાન ખેંચી ગઈ. આટલા લાંબા સમયથી ચિંતા,વ્યગ્રતા, દુઃખ અને તણાવના લીધે શરીર આપોઆપ જ એકવડા બાંધાનું બની રહ્યું હતું. એને મહેશ હતો ત્યારનો સમય યાદ આવી ગયો, બધા જ એની સુંદરતાના દીવાના હતા. મહેશ પણ એમાંનો જ એક હતોને! અને હમણાં જુઓ તો! અનાયાસે એને થોડું મેકઅપ કરવાનું મન થયું. પહેલાં તો કદી એ લાઇટ મેકઅપ વગર બહાર નીકળતી જ નહોતી. એણે વાળ એવી રીતે ઓળ્યા કે સફેદ વાળ થોડા ઢંકાઈ જાય. એણે થોડી વાર એની જાતને અરીસામાં જોયા કરી, એને યાદ નહોતું કે છેલ્લે એણે ક્યારે એની જાતને આવી રીતે અરીસામાં જોઈ હતી. એ પોતાને જ ગમી ગઈ, એટલી સુંદર લાગતી હતી!

'મોમ! હું તને ક્યારનો ફોન કરું છું, તે લીધો નહિ એટલે મારે તને કહેવા માટે ઘર સુધી આવવું પડ્યું.' વ્યોમે આવતાં જ કહ્યું.

'સોરી! હું જરા ફ્રેશ થવા ગઈ અને ફોન સાઇલન્ટ મોડ પર હતો. બોલ, શું થયું?'

'કંઈ નહિ મૉમ, આજે મારા ઍક્સ્ટ્રા ક્લાસ છે અને મારે અટેન્ડ કરવા જ પડે એમ છે. અને હજુ અડધા કલાકની વાર હતી એટલે મને થયું કે તને જણાવી દઉં કે આદિ અંકલની પાર્ટીમાં તું જઈ આવજે, હું નહિ આવી શકું.'

'અરે, એમ કેમ ચાલે? તું પણ નહિ આવે અને બા પણ નહિ આવે તો હું એકલી જઈને શું કરું?'

'બા કેમ નથી આવવાનાં?'

'એમને એમનાં ફ્રેન્ડને ત્યાં જવાનું છે તેથી.'

'પણ મૉમ, આજે એમનો બર્થ-ડે છે અને આપણે કોઈ નહિ જઈએ તો કેમ ચાલે? કેટલા ઉત્સાહથી એમણે બોલાવ્યાં છે. તું જ વિચાર, એમને ખરાબ લાગશે. હવે આવ્યો જ છું તો થોડો ચા-નાસ્તો કરીને જ જાઉં જેથી તારે જમવાનું નહિ બનાવવું પડે.' વ્યોમે કહ્યું.

નાછૂટકે એ ઊભી થઈ અને વ્યોમને ચા-નાસ્તો બનાવી આપ્યો. થોડી વાર રહીને એ ગયો. ફરી એ બેઠી અને વિચારમાં પડી કે, આમ એકલું એની સાથે જવું કેવું લાગશે? હજુ પણ જો બેલ ના વાગતે તો એ આમ જ વિચારતી બેસી રહી હોત. એણે ઊભા થઈ દરવાજો ખોલ્યો.

'રેડી છોકે?' આદિએ આવતાં જ એને પૂછ્યું..

'હા, હું તો રેડી જ છું.'

'તો ચાલ, આંટી અને વ્યોમને બોલાવી લે.'

'એ લોકો નથી આવવાનાં.'

'કેમ?' આદિએ પ્રશ્ન કર્યો.

બિંદુએ હકીકત જણાવી પછી એ બંને એકલાં નીકળ્યાં. આદિએ પહેલેથી જ હોટલમાં ટેબલ બૂક કરાવ્યું હતું તેથી તેમના ટેબલ પર જઈને બેઠાં. કદાચ બંને જણાં કેટલીય વાર ચૂપ બેસી રહ્યા હોત, પણ વેઈટર મેનુ કાર્ડ આપવા આવ્યો અને બંને એને જોવામાં પરોવાયા. આદિએ બિંદુની મનપસંદ ડિશ મંગાવવા આગ્રહ રાખ્યો. અને બિંદુએ આદિનો બર્થ-ડે હોવાથી એની ગમતી વસ્તુ મંગાવવાનો આગ્રહ કર્યો. અંતે બંનેની એક-એક મનપસંદ વાનગીનો ઑર્ડર કર્યો. બંને જણાં વ્યોમ અને નયનાની વાત કરતાં રહ્યાં.

અને બિંદુએ આદિને તેના ફૅમિલી વિશે અને ખાસ તો તેની દીકરી કિઆરા વિશે પૂછ્યું, કારણ કે એનું ફૅમિલી જયારે અમેરિકા ગયું ત્યારે એ તેના પપ્પાને છોડીને જવા

તૈયાર નહોતી. પછી આદિના ખૂબ સમજાવવા બાદ તે તૈયાર થઈ. તે પણ એક જ શરતે કે આદિ પણ જલ્દીથી ત્યાં જ આવીને એની સાથે રહેશે. ખાતાં-ખાતાં આ બધી વાતો તો થઈ પણ બિંદુને ક્યારની જે સવાલ પૂછવાની ચટપટી થતી હતી તે એણે દબાવી રાખી હતી. ડીનર પત્યું એટલે તેણે આઈસ્ક્રીમનો ઓર્ડર આપ્યો. ત્યાં જ અચાનક આદિએ એનો હાથ પકડી લીધો અને બોલ્યો, ‘બિંદુ! શું તું મારી સાથે લગ્ન કરીશ?’

# પ્રકરણ-3

અચાનક અણધાર્યા આવા સવાલથી તે ડઘાઈ ગઈ. થોડીવાર તો તે કંઈ બોલી જ ન શકી. અવાક્ હાલતમાં તે તેની સામે તાકી રહી.

'બિંદુ! તું જાણે છેને! આ મારી બીજી પ્રપોઝલ છે.'

'હા અને ના! હા, હું જાણું છું કે આ તારી બીજી પ્રપોઝલ છે અને 'ના', હું એના માટે પાડું છું કે હું તારી સાથે લગ્ન નહિ કરી શકું.'

'પણ કેમ? પહેલી વખત તને તારાં લગ્ન પહેલાં પ્રપોઝલ મૂકી હતી, જેને તે મહેશના પ્રેમના લીધે ઠુકરાવી હતી અને બીજી તારા લગ્ન પછીની આ હાલતમાં છે, જ્યાં મહેશ તારી સાથે નથી અને ક્યારેય પાછો આવે એવી કોઈ શક્યતા દેખાતી નથી. તું જાણે છે કે હું પહેલાંથી જ તને ચાહતો હતો, પણ તને મહેશ પસંદ હોવાથી તે મને 'ના' પાડી હતી અને ક્યારેય આ વાત એને પણ  જણાવવાની પણ 'ના' પાડી હતી. પછી ત્રણેયની જિંદગીએ અલગ જ વળાંક લીધો અને બધાના રસ્તા અલગ થઈ ગયા. પણ, હું ક્યારેય દિલમાંથી તને કાઢી શક્યો નહિ. આજે આટલાં વર્ષો પછી ફરી એક વાર જિંદગી બંનેને એક જ રસ્તા પર સાથે લઈ આવી છે તો તું શું કામ સાથે ચાલવા તૈયાર નથી? અને તેં જે મારા સ્વભાવને જોયો અને જાણ્યો છે તે પહેલાંની વાત હતી. દરેક વ્યક્તિના જીવનમાં ચેન્જ આવે છે, મારામાં પણ આવ્યો છે અને તે જોયું જ છે કે અમીના ગયા પછી પણ મેં ક્યારેય કોઈ સાથે રિલેશન રાખવાની કોશિશ નથી કરી.'

'અચ્છા, એમ! તો વગર સંબંધે જ તારી કોઈ સ્વીટહાર્ટ બની ગઈ?' ક્યારની જે પૂછવાની ચટપટી બિંદુને થતી હતી તે એણે પૂછી જ લીધી.

'ઓહ! તો તે નોટિસ કરી જ લીધું! અને આ શું તારું 'ના' પાડવાનું કારણ છે?'

'ના, મહેશ વિશે કંઈ સમાચાર મળ્યા વગર હું કઈ રીતે તારી સાથે સંબંધ બાંધી શકું? છેલ્લે તો એ નાની વાતો પર મારી સાથે ઝગડો કરી બેસતો, પણ તોપણ, હું એના સિવાય કોઈ બીજાનો વિચાર કેવી રીતે કરી શકું? એ તો પાપ જ ગણાયને? હું એને દિલમાંથી કાઢી

નથી શકતી તો બીજા સંબંધને ન્યાય કેવી રીતે આપી શકીશ?' ઉદાસીભર્યા સ્વરે બિંદુ બોલી.

વેઇટર ક્યારનો આઈસ્ક્રીમ મૂકી ગયો હતો એ પીગળવાનું પણ શરૂ થઈ ગયું હતું. આદિ બોલ્યો, 'જો, તારી આ જિંદગી પણ આની જેમ પીગળી રહી છે, એ બેસ્વાદ બને એ પહેલાં એને ખાઈ લેવું પડે. તેમ જ જિંદગી પણ અર્થહીન અને રસ વગરની બની જાય તે પહેલાં જીવી લેવી જોઈએ. અને તુંએવું શું કામ માને છે કે તું કોઈને અન્યાય કરે છે? મહેશનું શું થયું એ ખબર નથી અને એ જો બધું છોડીને જતો રહ્યો છે તો એણે શું તારી અને વ્યોમની સાથે કોઈ ન્યાય કર્યો છે? એ પણ તો તું વિચાર કે એણે જે કંઈ કર્યું તે શું સારું કર્યું છે? ના, તો પછી ક્યાં સુધી આમ એકલા જીવવું? અને રહી વાત મારી સ્વીટહાર્ટની તો એ તો તારી પણ સ્વીટહાર્ટ છે અને બની પણ રહેશે કેમ કે હું તે દિવસે કિઆરા સાથે વાત કરતો હતો અને મારી દીકરી તો સાચે જ મારી સ્વીટહાર્ટ છે.' આટલું કહી તે બિંદુ તરફ જોઈ રહ્યો.

ફરી એને લાગ્યું કે આટલું કહેવાની કોઈ અસર બિંદુ પર નહિ થાય એટલે બોલ્યો, 'તારે વિચારવા માટે સમય લેવો હોય તો મારી ના નથી, પણ મારી બીજી પ્રપોઝલ પર તું જરૂર ધ્યાન આપે એવું હું ઇચ્છું છું. આનાથી આપણા બે બાળકોને પણ તો માતા-પિતા બંનેનો પ્રેમ મળશે.' આટલું કહી તેણે બિલ ચૂકવ્યું.

બંને ધીમે-ધીમે બહાર આવ્યાં અને આદિ એને ઘરે મૂકી ગયો ત્યાં સુધી આખા રસ્તે બંને મૂંગાં રહ્યાં. અને છતાં મૌન તો બોલતું જ રહ્યું. કહે છેને કે મૌનની પણ એની પરિભાષા હોય છે. એને વાંચનારા પણ હોય છે. બિંદુ આખી રાત વિચારતી રહી અને ક્યારે એ સૂઈ ગઈ એને પોતાને પણ ખબર ન પડી. સવારે થોડું મોડું ઉઠાયું ત્યાં સુધીમાં તો મમ્મીએ ચા-નાસ્તો બનાવીને એના માટે રાખી મૂક્યો હતો. નયનાબહેન પેપર વાંચતાં-વાંચતાં છાનામાના બિંદુના ચહેરાને ઉકેલવા મથી રહ્યા, પણ કંઈ કળાતું નહોતું, એટલે એને પૂછી જ લીધું.

'કેવું રહ્યું તમારું ડીનર? મારી તો આવવાની ઘણી ઇચ્છા હતી, પણ શું કરું? જોને! મારું ફ્રેન્ડ્સને મળવાનું પણ આ જ ટાઇમ પર આવી ગયું.'

'હમમમ, એમ તો સારું જ રહ્યુ, પણ તમે હોત તો મજા આવતે.'

સાંભળી નયનાબહેન બોલ્યા, 'અને મને તો પછી જ ખબર પડી કે વ્યોમ પણ તો નહોતો આવ્યો.'

'હા મમ્મી, એને પણ ક્લાસ હતા અને જવું પડે એમ જ હતું એટલે એ પણ ન આવ્યો.'

પણ પછી આગળ બિંદુ કંઈ વધુ બોલી નહી તેથી નયનાબહેને વાત અટકાવી દેવી પડી.

આમ જ અઠવાડિયું નીકળી ગયું, પણ એ હજુ પણ વિચાર્યા જ કરતી હતી અને એણે છેલ્લે આદિને 'ના' કહેવાનું નક્કી કરી દીધું. એને રહી-રહીને મહેશના વિચાર આવતા હતા. એ ખરેખર હશે ખરો આ દુનિયામાં? જો છે તો એ ક્યાં જતો રહ્યો હશે કે પછી કોઈ એને લઈ ગયું હોય એમ પણ તો બની શકે! એ થાકી ગઈ વિચારતા કારણ કે આવું બધું તો વર્ષમાં કેટલીયે વાર પોલીસ સાથે અને સગા-સંબંધી સાથે મળીને તપાસ્યું હતું, પણ ક્યાં કંઈ પત્તો ખાધો હતો.

એની નજર સામે આદિ આવી ગયો. ફરી એ અસમંજસમાં મુકાઈ ગઈ. એના વિશે વિચારતા એ ઘરે તો આવી, પણ હવે જ એનું ધ્યાન પણ ગયું કે એને આદિ વિશે વિચારવું અને યાદ કરવું ગમ્યું. એ અજાણતા જ આ દિશામાં આગળ વિચારતી જતી હતી તેમ મહેશ ભુલાતો જતો હતો.

'આવી ગઈ બેટા? ચા પીશેને? જો, વ્યોમ પણ હમણાં જ આવ્યો છે ને એની પણ ચા બનાવું જ છું.'

ચા સાથે એને એક  અલગ જ લગાવ હતો. એને ખૂબ ભાવતી. કૉલેજમાં એ,મહેશ, આદિ- બધાં ચા પીવા સાથે જતાં.

'હા, મમ્મી...બનાવી દે. આજે તો મને પણ જાણે થાક લાગ્યો છે.' થોડી વાર રહીને ચાના મગ ટેબલ પર મૂકતા નયનાબહેન ધીમેથી બોલ્યા.

'બેટા, ક્યારેક અતિશય વિચારવાનો પણ થાક લાગતો હોય છે.'

'ના રે મમ્મી, હું તો કંઈ વિચારતી જ નથી. આ તો કામનો જ થાક છે વળી!'

'શું તું આદિએ તને કરેલી પ્રપોઝલ વિશે નથી વિચારતી?'

બિંદુ ચોંકી ગઈ અને ચાનો મગ એમ જ હાથમાં પકડીને મમ્મી સામે તાકી રહી. એના મૌનમાં રહેલો આશ્ચર્યમિશ્રિત પ્રશ્ન નયનાબહેન કળી ગયા. એટલે જવાબ આપતાં કહ્યું, 'એ તો મને અને વ્યોમને પહેલાંથી જ ખબર છે આ વાતની. તેથી જ તો અમે બંને બહાનું બનાવી છટકી ગયાં હતાં.'

'શું? મમ્મી,વ્યોમને પણ તે આ બધું કીધું છે? મને તારી પાસે આવી આશા નહોતી. વ્યોમ શું વિચારશે મારા માટે?' બિંદુ થોડા રોષથી બોલી.

'મૉમ! હું તારા માટે કંઈ જ ખરાબ નથી વિચારતો.' બોલતો વ્યોમ તેની પાસે ટેબલ પર આવી બેસી ગયો. 'આદિ અંકલ સારા છે. એમણે તો બાને વાત કરી હતી અને બાને મને કહેવા માટે પણ કીધું હતું. હું ભલે એટલો મોટો નથી, પણ મોમ, હું બધું સમજુ છું. પપ્પા ગયા એટલે આપણે કંઈ જિંદગી જીવવાની છોડી થોડી દેવાની છે? પપ્પાની જેટલી પણ યાદો છે આપણી સાથે જ તો રહેશે હંમેશાં!'

'હું અને બા, બંને ઇચ્છીએ છીએ કે તું હવે તારા તરફ ધ્યાન આપ અને તારા માટે જીવવાનું શરૂ કર નહિ કે પપ્પાની પાછળ આમ જીવતા જીવ મરવાનું.' વ્યોમ સમજાવટના સૂરમાં બોલ્યો.

અવાક્ થઈ ગઈ બિંદુ એના દીકરાની વાત સાંભળીને! સાથે નયનાએ પણ આ જ સૂરમાં ટાપશી પૂરી. બિંદુ, મમ્મી અને દીકરા સામે દલીલબાજીમાં પાછી પડતી હતી. બિંદુની બેય સાથેની દલીલમાં મહેશનો છેદ ઊડી ગયો. એક બોજ સમા ભૂતકાળ સામે સુંદર આજ જીવંત થઈ ઊઠી જાણે!

નયનાબહેને મોબાઇલ એના હાથમાં આપતા કહ્યું કે, 'તું જ આ ખુશખબર આદિને આપ.' આ બાજુ આદિ તો પહેલાંથી જ એના ફૅમિલીને આ વિશે પૂછી ચૂક્યો હતો અને

તેમની પણ ‘હા’ હતી, ખાસ કરીને તેની સ્વીટહાર્ટ એવી કિઆરાની. સૌથી વધારે ઉત્સાહ એને હતો એના ડૅડના મૅરેજ જોવાનો.

# પ્રકરણ-૪

અચાનક મોબાઇલની સુરીલી રિંગટોન વાગી, સ્ક્રીન પર બિંદુનું નામ જોઈને એ થોડો બેચેન થયો. અઠવાડિયાથી એણે જવાબ આપવાનું ટાળ્યું હતું અને હવે એણે ફોન કર્યો છે. પણ કદાચ એ 'ના' જ કહેશે તો? રિંગ કટ થઈ ગઈ.

એણે કૉલ બૅક કર્યો અને બિંદુએ તરત લીધો પણ ખરો ફોન.

'કેમ છે આદિ?' 'હા,હું તો મજામાં છું. તું બોલ કેમ છે?'

'હું પણ ફાઇન... બસ, જો તને જવાબ જોઈતો હતોને આદિ? તેના માટે તો કૉલ કર્યો.'

આદિનું દિલ જોરથી ધડકવા માંડ્યું. બિંદુ કંઈ જવાબ આપે તે પહેલાં તો સૅકન્ડમાં એના દિમાગમાં કંઈ કેટલા વિચારો આવી ગયા.

'આદિ,તું મને સમજવાની કોશિશ કરજે એવી તને પહેલાં જ વિનંતી છે. તને 'હા' કહેવા માટે જ મેં ફોન હાથમાં લીધેલો, પણ...'

'પણ શું બિંદુ? હું તને ખુશ જ રાખવાનો છું. તારી સાથે મારે આ જિંદગીનો રસ્તો કાપવો છે ભલેને કોઈપણ અડચણ આવે..'

'અડચણ તો છે જ આદિ,એટલે જ તો 'હા' પાડવા ફોન લીધા પછી તને 'ના' કહું છું.' બિંદુ ઝડપથી એકી શ્વાસે બોલી ગઈ.

'તું શાંતિથી વિચાર. હું તારી સાથે લગ્ન કરી પણ લઉં અને માન કે મહેશ પાછો આવે છે તો? તો હું કેવી સ્થિતિમાં મુકાઈ જાઉં તેનો અંદાજ છે તને? સૌથી પહેલી વાત તો કાયદાની આવે આદિ. કદાચ તને ખબર હશે જ, પણ સાથે જિંદગી જીવવાના સ્વપ્નમાં આ સચ્ચાઈ ભૂલી ગઈ કે, ખોવાયેલ કે ગુમ થયેલ વ્યક્તિની ખબર જો સાત વર્ષ સુધી ન મળે તો એ વ્યક્તિ આપોઆપ મૃત જાહેર થાય. ત્યાં સુધી એ જીવિત છે કે મૃત છે તે નિર્ણય કરી શકાય નહિ. અને એવામાં જો આપણાં લગ્ન થાય તો કાયદાકીય રીતે પણ એની સાથે ડિવોર્સ વગર આપણાં લગ્ન એ ગુનો ગણાઈ જાય.'

આદિ સૂન્ન થઈ ગયો. કંઈ જ ન બોલી શક્યો. એણે ક્યારેય આવું તો વિચાર્યું જ નહોતું. એટલે ધીરે રહીને એ બોલ્યો,

'એટલે તું એમ કહેવા માંગે છે કે એ પાછો ન આવે કે એની કંઈ ખબર ન પડે ત્યાં સુધી પેલા ચાતક પક્ષીની જેમ આપણે રાહ જોયા કરવી? ટુ હૅલ વિથ ધીસ લૉ! આવો તો કંઈ કાયદો હોય?'એ બબડ્યો ગુસ્સામાં પણ,હકીકત તો એ જ હતી કે કાયદો આવો જ છે અને એનું પાલન કરવું જ રહ્યું.

'હું તારી સાથે પછી વાત કરું બિંદુ.' એમ કહી એણે ફોન મૂકી દીધો. એનું મન ભારે થઈ ગયું, જાણે હોઠે આવેલો પ્યાલો ઢોળાઈ ગયો હોય એવું ફીલ થવા લાગ્યું. ક્યાં એ પોતે સુંદર મજાની જિંદગીના સ્વપ્ન સાથે સાતમા આસમાનમાં વિહરતો હતો અને ક્યાં આમ બિંદુની એક જ કહેલી વાતથી ધરતી પર પટકાઈ પડ્યો!

એણે તરત સ્વસ્થતા કેળવી અને એનું દિમાગ આમાંથી કોઈ રસ્તો કાઢવાની દિશામાં વિચારવા લાગ્યું. એણે સૌથી પહેલાં મિ.પટેલને મળવાનું નક્કી કર્યું, જે એમના વર્ષો જૂના એડવોકેટ હતા. તરત જ એણે પટેલને ફોન કર્યો. સાંજે ચાર વાગ્યાની અપોઇન્ટમેન્ટ ફિકસ કરી પછી એને થોડી શાંતિ થઈ.

એ ફટાફટ બીજા કામમાં પરોવાયો. આજે એનું દિમાગ થોડું વધુ ઝડપથી દોડવા માંડ્યું હતું. એ જ્યાં સુધી આ વાતનો નીવેડો ન લાવે ત્યાં સુધી એને ચેન પડવાનું નહોતું. ઑફિસમાં પણ એનું ચિત્ત કામમાં ઓછું અને આ વાતમાં વધારે હતું.

# પ્રકરણ-૫

રૂમમાં ઊતરેલા અંધકારના રેલાએ એને લાઇટ કરવા મજબૂર કર્યો. એને સાચે જ આજે ભૂખ પણ નહોતી લાગી રહી. અને વકીલની વાતો સાંભળ્યા પછી તો એને સોફામાંથી ઊઠવાનું પણ મન નહોતું થતું. એ નિરાશ થઈ ગયો. આવું તે કંઈ હોતું હશે? આપણા ભારતમાં આવા કાયદાઓ બનતા જ શા માટે હશે? અંગ્રેજોના એ જૂના કાયદાઓનો હજુ પણ શું કામ અમલ થતો હશે? ગુસ્સામાં એવા બેતુકા પણ એના માટે વ્યાજબી એવા સવાલ પણ એના મનમાં ઊઠ્યા.

એણે બિંદુને ફોન કરવાનું પણ ટાળ્યું. એને થયું ફોન કરીને કહીશ શું? એ તો પહેલાંથી જ 'ના' પાડીને બેઠી હતી. કદાચ કહું તો એને થશે કે એની ઉપરવટ જઈને મેં તપાસ પણ કરાવી કે શું સાચે જ અમારાં લગ્ન શક્ય નથી? ખેર! હવે તો વકીલના કહેવા મુજબ કંઈ થઈ શકે એમ જ નથી તેથી આ વિચાર જ પડતો મૂકવો પડે એવું છે. વિચારમાં ને વિચારમાં એને ક્યારે ઊંઘ આવી ગઈ તે પણ ખબર ન પડી.

સમયે રફતાર બદલી. જાણે એ પણ થાકી ગયો હોય એમ મંદ ગતિથી ચાલતો હતો. આદિ છેલ્લા એક મહિનાથી લગભગ દર બીજા દિવસે એવું વિચારતો કે એના વકીલે કરેલી 'લિવ ઈન રિલેશનશિપ'ની વાત એ બિંદુને કરે. જેથી કમસેકમ એ એની સાથે તો રહી શકે. પણ એની હિંમત જ નહોતી થતી આવી વાત કરવાની.એક દિવસ મન મક્કમ કરીને એ જ્યારે એના ઘરે પહોંચ્યો ત્યારે સંજોગોવશાત્ કોઈ જ નહોતું અને આદિએ વાત કરવાનું નક્કી કરી લીધું. એણે ધીમે રહીને, શાંતિથી સમજાવવાના સૂરમાં કહ્યું.

'બિંદુ, તને વાત કદાચ અજુગતી લાગશે પણ, આજે કહેવી જ છે. તું  મારા પ્રત્યેની તારી લાગણીને તારી જાતથી તો ન છુપાવ, પ્લીઝ... તે મને 'ના' કીધાને પણ મહિના ઉપર થઈ ગયું.તારા વાત કર્યા પછી હું વકીલને મળ્યો હતો અને મેં બધી રીતે કાયદો જાણી લીધો.અને હું સો ટકા એમાં સહમત છું કે સાત વર્ષ સુધી કાયદો આપણને લગ્ન કરવાની મંજૂરી ન આપી શકે. અને ત્યાર પછી પણ કાનૂની રીતે કોર્ટમાં પિટિશન દાખલ

કરીને કોર્ટના ઑર્ડર મેળવીને જ આપણે લગ્ન કરી શકીએ. પણ ત્યાં સુધી શું આપણે આમ જુદા રહીને જ જીવન વિતાવવું?'

'એનો એક વચલો રસ્તો મને વકીલે બતાવ્યો છે, જો તું શાંતિથી વિચારીને 'હા' પાડે તો આપણે સાથે રહી શકીએ એમ છીએ.' એણે ધીમેથી ભૂમિકા બાંધતા કહ્યું.

'શું? શું રસ્તો તું શોધી લાવ્યો આદિ જ્યારે કાયદો 'ના' પાડે છે ત્યારે?'

'લિવ ઈન રિલેશનશિપ' એણે જવાબમાં કહ્યું.

'વ્હોટ? તું આવું કઈ રીતે વિચારી શકે? તને ખબર છે આનો મતલબ શું થાય તે?' બિંદુનો અવાજ ઊંચો થયો.

'એ જ કે હું અને તું લગ્ન કર્યા વગર સાથે રહી શકીએ અને કરાર કરીને જો રહીશું તો કાલે ઊઠીને કાનૂની રીતે પણ કોઈ અડચણ ઊભી થઈ શકે એમ નથી. અને સાત વર્ષ પછી આપણે ખરેખર વિધિસર લગ્ન પણ કરી શકીશું.'

બિંદુ એને તાકી જ રહી... એને ઘડીક ગુસ્સો પણ આવ્યો અને વહાલ પણ ઊભરાયું. આદિનો ચહેરો એને ઝાંખો દેખાયો અને ઝળઝળિયાં ભરેલી આંખમાંથી મોતી ટપકી પડ્યાં. આદિ એને રીતસર ભેટી પડ્યો!

'પ્લીઝ, તું આમ રડ નહિ. આ જ આનું સોલ્યુશન છે.'

'ના, આ નથી જ અને હું આમ ન કરી શકું.' એણે આદિથી અળગાં થતાં કહ્યું.

'પણ, કેમ? હું તને કોઈ કાયદો તોડવા નથી કહેતો. બસ, આપણે સાથે રહેવું છે તેનો ઉકેલ લાવી રહ્યો છું.'

એ દૂર ખસી ને હળવેથી બેસી ગઈ... 'ના, આદિ હું તારી સાથે લિવ ઇનમાં ન રહી શકું. હું એટલી બધી મોડર્ન નથી અને મારા સંસ્કાર પણ મને એ કરવાની 'ના' પાડે છે. અને મારું મન જે વાત માટે 'ના' કહેતું હોય તે હું કરવા નથી માંગતી. અને હવે બસ, તારે પણ મારી વધુ રાહ જોવાની જરૂર નથી. તું તારી જિંદગી જીવવાને સ્વતંત્ર છે. તું યોગ્ય

પાત્ર શોધી મૅરેજ કરી લે, પ્લીઝ! તું શું કામ મારી પાછળ તારો ટાઇમ વેસ્ટ કરે છે?' એ ભાવુક થતાં બોલી.

'હું ટાઇમ વેસ્ટ નથી કરતો, ઇન્વેસ્ટ કરું છું. તારી સાથે. તારી ખુશીમાં જ મારી ખુશી છે. વર્ષો પહેલાંની ચાહત હવે ફરી ઘુંટાઈને ગહેરી થઈ ગઈ છે.પણ કંઈ નહી, જેવી તારી મરજી. હું તને કોઈ વાતે ફોર્સ નહિ કરું. પણ તને આમ નજર સામે આવી રીતે મરી-મરીને જીવતાં પણ નહિ જોઈ શકું!'

'તો? શું કરીશ તું?' એ ધીમું હસી પડી, વેદનાસભર; અને આદિએ એના આંસુ લૂછ્યાં અને કહ્યું કે, 'બસ! હું જતો રહીશ મારી સ્વીટહાર્ટ પાસે, અમેરિકા.'

# પ્રકરણ-૬

કયાંય સુધી બંને આમ જ વાતો કરતાં બેસી રહ્યાં. બંનેના મનમાં દર્દ ઘૂંટાતું હતું. આદિની વેદના બિંદુ એની આંખોમાં સ્પષ્ટ જોઈ શકતી હતી. બંને એકબીજાનો હાથ પસવારી રહ્યાં હતાં અને... ડોરબેલ વાગી!

બિંદુએ એની જાતને સંભાળી અને બારણું ખોલવા ઉભી થઈ. મમ્મી હતી.

'કેમ છો, આંટી?' આદિએ પૂછ્યું.

'અરે વાહ! આજે તો આદિ તું ઘણા સમયે દેખાયોને કંઈ?'

'હા આંટી, કામ ઘણું રહેતું હતું એટલે.' પણ નયનાબહેન સમજી ગયા કે એ કેમ નહોતો દેખાતો. કેમ એણે આવવાનું ઓછું કરી દીધું હતું.

'તમે વાતો કરો હું આવું છું હમણાં ફ્રેશ થઈને...'

'અરે ના, આંટી! બસ હવે હું રજા જ લેતો હતો અને તમે આવ્યાં. હું વિચારતો હતો કે ઘણાં સમયથી મમ્મી-પપ્પા અને ખાસ તો કિઆરા ત્યાં આવવા માટે જીદ કરે છે તો હવે અમેરિકા જઈ આવું.'

'એટલે તું શું કાયમ માટે ત્યાં જવા વિચારે છે?' નયનાબહેને પૂછ્યું.

'ના, એટલે હમણાં તો એવું કશું વિચાર્યું નથી, પણ ત્યાં જાઉં પછી એ વિશે આગળ કંઈ નક્કી કરીશ. તમે તો જાણો જ છો કે હું તો બિંદુને પણ લગ્ન કરી લઈ જવા માંગતો હતો, પણ નસીબજોગે અને કાયદાના ભોગે એ શક્ય નથી. તેથી હવે હું એકલો જ જઈ આવું.'

નયનાબહેને એના ખભે હાથ મૂક્યો. 'બેટા, એમ તો તારી અમને અહીં ઘણી હૂંફ રહે છે. ભલે તું ઓછું આવતો હોય, પણ એક તસલ્લી દિલને હોય છે કે તું સાથે છે. તને આમ તો રોકવાનો હક નથી, પણ એટલું જરૂર કહીશ કે જલદી પાછો આવજે.'

'જી, એ તો હું જવાનું નક્કી કરું પછી જતાં પહેલાં મળવા તો જરૂર આવીશ જને! અને સાથે ડીનર પણ તો લઈશું અને તમારી ફેવરિટ સેલ્ફી તો ખરી જને!' એણે હસતાં કહ્યું.

નયનાબહેન પણ હસી પડ્યા... એમને મનમાં આદિને ખોવાનું દુઃખ થયું. બિંદુ બોલી, ‘મમ્મી હવે એને જવા દે. એમ પણ ખૂબ મોડું થઈ ગયું છે. એ એને બહાર સુધી વળાવી આવી.

‘મમ્મી, મને ખબર છે તને જાણવાની તાલાવેલી છે કે એ કેમ આવ્યો હતો.’ અને એણે બધી વાત નયનાબહેનને કરી અને કહ્યું, ‘હવે તું જ કહે, હું એને કેવી રીતે ‘હા’ કહું?’

એ નયનાબહેનને ભેટીને ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી. નયનાબહેન એના માથે હાથ ફેરવતાં બેસી રહ્યાં. અને બોલ્યા, ‘ભગવાન પર ભરોસો રાખ, એ જે કંઈ કરે તે સારું જ કરશે!’

અને એ ઘડી પણ આવી ગઈ જ્યારે આદિએ અહીંથી વિદાય લીધી. બિંદુ અને વ્યોમ એને મૂકવા ઍરપોર્ટ ગયાં હતાં. એની ફ્લાઇટના ટેકઑફ સાથે જ બિંદુનું દિલ બેસી ગયું. એ થોડી નિરાશ અને થોડી હતાશ જેવા મિશ્રિત ભાવથી આકાશને તાકી રહી. રહી-રહીને જિંદગીને માણી લેવાની આશા પર જાણે પાણી ફરી વળ્યું એવી ભાવના મનમાં આવી ગઈ. વ્યોમે એના ખભે હાથ મૂક્યો. ‘મૉમ, આપણે જઈએ હવે?’

‘હા, બેટા, ચાલ... નીકળીએ હવે. એમ પણ મોડું થઈ ગયું છે. તારે પાછું ટ્યૂશન પણ જવાનું છે. કહેતાં બંને એરપોર્ટ બહાર નીકળ્યાં.આખા રસ્તે એ વિચારતી રહી કે આ કેવા મોડ પર એ ઊભી રહી ગઈ છે, જ્યાં કોઈ સાથ દેવાવાળું ટકી જ નથી શકતું. ના,ના... હવે એ વધુ કંઈ જ અને કોઈના વિશે પણ વિચારવા નથી માંગતી. બસ, જિંદગીને હવે વધુ પરીક્ષા નથી લેવા દેવી કે નથી મારે આપવી!! હું હવે વ્યોમ અને મમ્મી સાથે આનંદથી રહેવા કોશિશ કરીશ અને કોઈની યાદોને મારે અંદર સુધી નથી આવવા દેવી. અને જાણે બિંદુએ એક યાદોના ઘરને તાળું મારી ચાવી દૂર નાખી દીધી!

પણ આ તો સમયના હાથની વાત છે, નસીબની વાત છે કે એણે ક્યારે અને ક્યાં શું કરવાનું છે. એમ ક્યાં માનવી કુદરતની તાકાતને કે નિયતિને પામી શક્યો છે!

સમય પાંખો ફફડાવતો ઊડ્યો હતો તે ફરી જાણે ‘પૃથ્વી ગોળ છે’ની સાબિતી આપતો હોય તેમ બિંદુ પાસે આવી ગયો! પાંચ વર્ષોમાં તો બિંદુની દુનિયા બદલાઈને વ્યોમની

કરિયર સેટ કરવામાં ફેરવાઈ ગઈ. આટલાં વર્ષોમાં નયનાબહેનમાં કોઈ બદલાવ આવ્યો નહોતો. અને હજુ પણ એમની સિનિયર સિટિઝનની કીટી પાર્ટીઓ જોશભેર ચાલુ જ હતી! એ ઉંમરના આ પડાવને સંપૂર્ણ રીતે માણતા હતાં અને બિંદુને પણ એમ જ કરવા સમજાવતાં રહેતાં. હવે તો ક્યારેક-ક્યારેક વ્યોમની ખાસ ફ્રેન્ડ નીકી પણ એના ઘરે આવતી, જેને નયનાબહેન વ્યોમની ગર્લફ્રેન્ડ કહીને બોલાવતાં અને વ્યોમ એ સાંભળતા જ ચિડાઈ જતો.

'બા, એ મારી બેસ્ટ ફ્રેન્ડ છે, ગર્લફ્રેન્ડ નહિ.' અને બિંદુ અને નયનાબહેન જોરથી હસી પડતાં.

'વ્યોમ, તું નાહકનો ચિડાય છે. બાને તો આદત છે તારી સાથે મજાક કરવાની.'

'પણ મૉમ, ક્યારેક નીકી આ સાંભળી જશે તો એ એવું સમજશે કે મેં જ તમને આવું કીધું છે! અને, મારું હવે એન્જિનિયરિંગનું આ લાસ્ટ સેમેસ્ટર છે એટલે હમણાં હું બધું જ ધ્યાન એક્ઝામ પર આપવા માંગું છું, સમજી? ગર્લફ્રેન્ડના ચક્કરમાં હમણાં નથી પડવું.' કહી એ હસ્યો અને બેગ લઈ ઊભો થયો.

'હા, બાબા... સમજી ગઈ. પણ તું ક્યાં જાય છે?'

'મૉમ, જીતને ત્યાં આજે વાંચવા જાઉં છું અને જો લેટ થશે તો કાલે સવારે આવીશ. ત્યાં જ સૂઈ જઈશ.'

'ઓકે બેટા, ટેક કેર અને સાચવીને જજે. ગુડ નાઇટ!'

'ગુડ નાઈટ મૉમ, બાય.' અને વ્યોમ ગયો.

સવારના હજુ નવ જ વાગ્યા હતા અને ડોરબેલ વાગી. બિંદુ અને નયનાબહેન ચા-નાસ્તો કરીને બેઠાં જ હતાં. 'મમ્મી, વ્યોમ આવી ગયો લાગે છે.' એમ બોલતી બિંદુ બારણું ખોલવા ઊભી થઈ. જેવું બારણું ખોલ્યું ત્યાં તો એ એમ જ જડવત્ ઊભી રહી ગઈ! એટલે સુધી કે એના મોઢામાંથી 'આવ' એમ પણ ન નીકળી શક્યું. આદિને આમ સામે ઊભેલો જોઈ એ બાઘી બનીને જોતી જ રહી ગઈ!

‘બિંદુ, કોણ છે?’ નયનાબહેને પૂછ્યું.

‘આંટી, એ તો હું છું.’ અને બિંદુને બારણામાં જ ઊભેલી રહેવા દઈને એ સીધો અંદર ધસ્યો અને નયનાબહેનને પગે લાગીને ભેટી જ પડ્યો.

‘ઓહ માય ગોડ! બેટા આદિ, તું? વ્હોટ અ પ્લેઝન્ટ સરપ્રાઇઝ? તું ક્યારે આવ્યો? તેં કંઈ જણાવ્યું પણ નહિ કે તું આવે છે? એકલો છે? કે સાથે કોઈ છે?’

‘અરે! અરે! આંટી, એકસાથે આટલા સવાલો? જરા બેસું તો ખરો! અને જમીને જ જવાનો છું એટલે પહેલાં બિંદુ મૅડમ કંઈ ચા-નાસ્તો કરાવે તો શાંતિથી બધું કહું.’ બિંદુ અંદર આવી એટલે એણે કહ્યું.

‘હા,હા, કેમ નહી? હું ચા બનાવી લાવું. તમે વાતો કરો.’ કહેતા નયનાબહેન કિચનમાં ગયા.

# પ્રકરણ-૭

બિંદુ આદિને તાકી જ રહી. જાણે એ પહેલાં કરતાં પણ વધુ સરસ લાગતો હતો અને એકદમ ફીટ તો ખરો જ. આદિ ઊભો થયો અને એની પાસે આવીને હળવેથી એને ભેટી પડ્યો. આટલાં વર્ષો પછી કોઈનો પ્રેમાળ અને ઉષ્માભર્યો સ્પર્શ અને આલિંગન એને મળ્યું હતું. ક્યારે એની આંખમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં, એને ખબર જ ન પડી!

એ અળગી થઈ અને બોલી, 'આમ અચાનક જાણ કર્યા વગર આવી ગયો? બધું બરાબર તો છેને? ત્યાં ઘરે બધાં કેમ છે?'

આદિ પણ એને જોઈ રહ્યો! એના માથે પ્રેમથી હાથ ફેરવીને એનું કપાળ ચૂમી લીધું. 'હું મજામાં છું. આપણે આટલાં વર્ષોમાં ફોનથી તો વાત કરતાં હતાં, પણ રૂબરૂ મળીને વાત કરવાની મજા જ કંઈ ઑર છે, નહીં?'

'તું એકલો કેમ આવ્યો? તારી વાઇફને તો સાથે લાવવી હતીને! ઇન્ડિયા આવી છે કે અમેરિકા જ મૂકી આવ્યો છે? અને તમે લોકો ઊતર્યાં ક્યાં છો?'

'તું પણ બિંદુ, આંટી જેવી જ છે. કેટલા સવાલો કરે છે?'

'તે કરું જને? તું જલદી બોલે તો ને?'

એટલામાં નયનાબહેન ચા-નાસ્તો લઈને આવી ગયા અને કહ્યું, 'હવે બોલવા માંડ ચાલ.'

'બસ, આંટી. શું બોલું? ઘણા સમયથી આવવાનું પ્લાનિંગ કરી જ રાખ્યું હતું... બસ, યોગ્ય સમયની રાહ જોતો હતો. અને હું એકલો જ આવ્યો છું.'

'કેમ, તારી પત્ની, શું નામ કીધેલું તે? હમમમ, 'શીના' બરાબરને... તે કેમ ન આવી?'

'કારણ કે એ છે જ નહિ એટલે ક્યાંથી આવે?' એ હસતાં-હસતાં બોલ્યો.

'એટલે? કંઈ સમજાયું નહિ. જે હોય તે સીધું બોલને!' નયનાબહેને કહ્યું.

'એટલે આંટી, કે શીના-બીના કોઈ છે જ નહી. મેં મૅરેજ જ નથી કર્યાં.'

‘વ્હોટ? તો પછી તું ત્યાંથી ફોન પર તો કહેતો હતો કે તે મૅરેજ કરી લીધાં છે અને તારાં પપ્પા-મમ્મી સાથે વાત થઈ એમણે પણ તો કીધેલું. હા, એ અલગ વાત છે કે તે કોઈ દિવસ એનાથી રૂબરૂ નહોતાં કરાવ્યાં અમને! શું તમે બધાં જુઠ્ઠું બોલ્યાં? અને કેમ?’

બિંદુ પણ આ જ સવાલ આંખોમાં લઈ એની સામે તાકી રહી.

‘બિંદુ, હું જ્યારે પણ તારી સાથે ફોન પર વાત કરતો ત્યારે દર વખતે તું લગ્ન માટે દબાણ કરતી. એથી તું આ જીદ છોડી દે એ માટે જ મેં તમને લોકોને ખોટું કહ્યું હતું અને ઘરે પણ બધાને આવું કહેવા કીધું હતું.’

‘પણ શું કામ આદિ? હું તારા સારા માટે જ કહેતી હતી કે તું નાહક શું કામ મારી પાછળ તારી જિંદગી ખર્ચી નાખે? તને પણ તો જીવવાનો હક છે ને!’

‘હા છે, પણ મારે તારી સાથે જ જીવવું છે અને મારે તારી રાહ જોવી હતી! જે અહીં રહીને શક્ય નહોતું, તેથી જ નાછૂટકે હું અમેરિકા જવા તૈયાર થયો હતો.’

બંને મા-દીકરી એની સામે જોઈ રહ્યાં. વગર આપ્યે એ જે કમિટમૅન્ટ નિભાવી રહ્યો હતો તેના માટે બંને જણાં અવાક્ હતાં. આદિએ ચાનો કપ નીચે મૂકતા કહ્યું… ‘આંટી, હું આ જ સમયની રાહ જોતો હતો કે ક્યારે સાત વર્ષ પૂરાં થાય અને હું ધર્મ, સમાજ અને કાયદાની પણ સાક્ષીએ બિંદુ સાથે લગ્ન કરી શકું. અને એટલે જ હું પાછો આવ્યો છું કે હવે તો તું કોઈ બહાનું કાઢી શકે એમ નથી.’

‘શું તું મારી સાથે લગ્ન કરીશ? મારી આ ત્રીજી પ્રપોઝલ મંજૂર કરીશ?’ મોહક સ્મિત અને પ્રેમભરી અદાથી આદિ બોલ્યો.

એના આ વ્યવહાર અને એની પ્રપોઝલ સાંભળીને એ બે હાથ વચ્ચે મોઢું છુપાવી ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી. નયનાબહેન એનો હાથ બિંદુના વાસે પસવારી રહ્યાં. એણે એના માથે હાથ મૂકતા કહ્યું, ‘હા, આદિ બેટા, હવે તો હું પણ મારી બિંદુની જિંદગીને સપ્તરંગી જોવા તત્પર છું. તું કહે એ ઘડીએ એને તારી સાથે વળાવી દઈશ.’ ભાવવિભોર થઈ નયનાબહેન બોલ્યા.

'આંટી, આ માટે તો હું કોર્ટની બધી જ પ્રોસિજર પહેલેથી જ કરાવી ચૂક્યો છું. હું ત્યાંથી જ મારા વકીલના સંપર્કમાં હતો અને જરૂરી બધા ડૉક્યુમેન્ટ્સ રેડી કરાવી દીધા છે.' આદિ ઉત્સાહથી બોલ્યો.

'બસ, બિંદુના મોઢેથી એકવાર મંજૂરી મળી જાય એટલે બસ.'

અને બિંદુએ આદિના હાથમાં એનો હાથ મૂકી દીધો! ખુશીઓ ભરેલા મૌનથી રૂમનું વાતાવરણ ભારેખમ થઈ ગયું. અને ફરી ડોરબૅલ વાગી.

'તું બેસ, હવે તો વ્યોમ જ આવ્યો હશે!' કહેતાં નયના ઊઠી.

આદિને જોતાં જ વ્યોમના ચહેરા પર ખુશીની લહેર દોડી ગઈ. એણે બૅગ સાઈડ પર મૂકી.

'વાઉ! વ્હોટ અ પ્લેઝન્ટ સરપ્રાઇઝ!! તમે કીધું કેમ નહિ કે તમે આવવાના છો? અને આંટી અને કિઆરા આવ્યા છેને સાથે?' વ્યોમ હરખાતાં અને આદિને ભેટી પડતાં પૂછવા લાગ્યો.

'અરે! બસ, તું પણ આ લોકોની જેમ સવાલો પૂછવા લાગ્યો. બેસ, બેસ, ફ્રેશ થા પછી વાત કરું.'

વ્યોમ ફ્રેશ થઈને આવ્યો એટલે એણે બધી વાત ફરી કરી. એ પણ સાંભળીને અવાક્ થઈ ગયો. પણ પછી એને પણ ગમ્યું કે કોઈ મૉમને આ રીતે પણ ચાહે છે. એણે ચહેરા પર દેખાવા ન દીધું, પણ મનોમન એને પપ્પા યાદ આવી ગયા અને મનમાં કડવાશ ભરાઈ ગઈ. કોઈ જ ખબર અંતર નહિ આટલાં વર્ષોમાં! એને થયું કદાચ મૉમ સાથે એમને અંગત રીતે કંઈ સંબંધમાં ઓટ આવી હોઈ શકે તોપણ હું તો હતો જ ને! એક દીકરા માટે આટલી જ લાગણી કે આજે વર્ષો થઈ ગયાં પણ પપ્પા જીવે છે કે... કંઈ ખબર જ ન પડી!

# પ્રકરણ-૮

'વ્યોમ, હું હવે બિંદુ સાથે કાયદેસર રીતે લગ્ન કરવા માંગું છું. મહેશના દીકરા કરતા પણ અત્યારે હું તને બિંદુના દીકરા તરીકે પૂછું છું કે તને આમાં કંઈ વાંધો ખરો? કારણ એ જ કે પહેલાં તું થોડો નાનો હતો. હવે તું મૅચ્યોર છે, તારી સમજશક્તિ પહેલાં કરતાં વધી છે અને તું સારું-નરસું શું છે તે સમજી શકે છે. અને તને આ બાબતમાં તારો અભિપ્રાય આપવાનો પૂરેપૂરો હક છે.' આદિએ વ્યોમ સાથે વાત કરતાં પૂછ્યું.

'આદિ અંકલ, તમારે આ બધું કંઈ જ કહેવાની જરૂર નથી. હું કોઈપણ રીતે મૉમને ખુશ જોવા માંગું છું. એકલતા શું હોય છે તે મને ત્યારે સમજાતું નહોતું, પણ હવે સમજાયા પછી હું ઇચ્છું છું કે મૉમની એકલતાનો આ અંધકાર જલદી દૂર થાય. મને તમારા પર પૂરો ભરોસો છે. કેમ બા, બરાબર છેને?'

અત્યાર સુધી ચૂપ રહેલ નયનાબહેનની આંખો તો ક્યારનીય છલકાઈ ગઈ હતી. એણે વ્યોમને તાળી દેતા કહ્યું, 'હા બેટા! એકદમ બરાબર છે.' એ ઝડપથી ઊભા થઈ ગયા.

'મમ્મી, ક્યાં જાય છે?' બિંદુએ એને ઊભી રાખતાં કહ્યું.

'અરે વાહ! આટલાં વર્ષોથી જે ખુશખબર માટે હું રાહ જોતી હતી તે આવી ગઈ, હવે મોઢું તો મીઠું કરાવુંને!' કહી તે કિચનમાં ગયા. હજુ બે દિવસ પર જ એમણે મોહનથાળ બનાવેલો તે થોડો બચ્યો હતો. ડિશમાં લઈ તે આગળ આવ્યા.

આદિએ એક ટુકડો મોઢામાં મૂકતા કહ્યું, 'જો તમને વાંધો ન હોય તો હું અહીંથી જ અમેરિકા વિડિયો કૉલ લગાવી આ ખુશખબર આપું?'

'અરે હા બેટા, લગાવ લગાવ, મારે પણ તો સત્તાવાર હવે વેવણ સાથે વાત કરવી પડશેને?' બધાં હસી પડ્યાં. વ્યોમ બોલ્યો, 'હા અંકલ, હું પણ કિઆરા સાથે વાત કરીશ.'

આદિએ કોલ લગાવતાં-લગાવતાં આ લોકોને કિઆરા વિશે વાતો કરવા માંડી કે એ હાલ શું કરે છે? એના ભવિષ્યની યોજના શું છે? વગેરે વગેરે.

'હેલ્લો સ્વીટહાર્ટ, કેમ છે? ફોન કનેક્ટ થયો એટલે આદિએ વાત શરૂ કરી. બા-દાદા કેમ છે? તું હમણાં ઘરે જ હશે એટલે મેં બધાં સાથે વાત થાય એમ કરી ફોન જોડ્યો છે. જો તો હું ક્યાં છું?' આદિના અવાજમાં છલકાતી ખુશી જ બધું કહી દેતી હતી.

'O wow! Dad, I think this is Bindu aunt's home. Where is she?' સામે છેડે એનાથી પણ વધુ ઉત્સાહથી કિઆરા બોલતી હતી.

આદિએ બિંદુને નજીક બોલાવી. બિંદુ તો સ્ક્રીન પર એને જોઈ જ રહી. જાણે કાલની જ વાત હોય એમ એ કેટલી નાની હતી અને હમણાં જુઓ, કેટલી ક્યૂટ! અદ્દલ અમી જેવી લાગી રહી હતી!

'હાય આંટી, હાઉ આર યૂ? સી, હું તમને કેટલાં વર્ષો પછી જોઉં છું, પણ તમે હજી એવાં જ છો. ફીટ અને યંગ.'

બિંદુના ચહેરા પર સ્માઇલ આવી ગયું. બોલવામાં એ પાછી ડીટ્ટો આદિ જેવી જ લાગી. 'કિઆરા, અમે બધાં મજામાં છીએ. તું કેમ છે? લુકિંગ નાઈસ!'

'થેંક યૂ આંટી... હું પણ મજામાં છું. અને અહીં બા-દાદા પણ ઓકે છે. આંટી, વ્યોમ ક્યાં છે? અને બા શું કરે છે?'

બધાં ધીરે-ધીરે સ્ક્રીન સામે આવતાં ગયાં, વાતો થતી ગઈ. અને મુદ્દાની વાત છેલ્લે કિઆરાએ પૂછી જ લીધી. એ પણ એના જ અંદાજમાં.

'તો આંટી, મારે વ્યોમને ભાઈ ક્યારે બનાવવાનો છે?' એના હાવભાવ જોઈને બધા હસી રહ્યાં હતાં અને બિંદુ થોડી શરમાઈ ગઈ!

'અરે! તું કહે તો હમણાં જ હું તારો ભાઈ બની જાઉં.' કહેતા વ્યોમ હસી પડ્યો અને ઇન્ડાયરેકટ કહી પણ દીધું કે આના માટે 'હા' થઈ ગઈ છે.

'સાચે જ ડેડ! વ્યોમ સાચું કહે છે?' એના અવાજમાં ખુશી ઝળકી ઊઠી. 'ધેટ મીન્સ યુ એન્ડ બિંદુ આંટી ફાઈનલી ગોઇંગ ટુ મૅરી!! હવે મને એ કહો કે ક્યારની ડેટ ફિક્સ કરો છો? એટલે અમે ત્યાં આવવાની ટિકિટ બૂક કરાવીએ. ત્યાર પછી તો નયનાબહેન અને

આદિનાં માતા-પિતા વચ્ચે વાતો થઈ અને એક અઠવાડિયા પછીની તારીખ નક્કી થઈ. આદિએ જરૂરી સૂચનાઓ આપી અને કૉલ પૂરો કર્યો.

'મૉમ, અંકલ... બંનેને કૉન્ગ્રેચ્યુલેશન!' અને કહેતા વ્યોમ બિંદુને અને આદિને ભેટી પડ્યો.

'થેંક યુ બેટા! અરે હા, બીજી અગત્યની વાત તો રહી ગઈ કે લગ્ન પછી વીઝાની પ્રોસેસ પતે પછી આપણે સાથે જ જઈશું બધાં. વ્યોમ, તારી અને આંટીની જવાબદારી પણ હવે મારી; સોરી, અમારી છે.'

'હા, વ્યોમ હું પણ એ જ વિચારતી હતી કે તને અને મમ્મીને અહીં એકલા મૂકીને કેવી રીતે હું જઈશ? એટલે હું આ કહેવાની જ હતી.'

'ના મૉમ, તું તો જાણે જ છે ને કે આ લાસ્ટ યર છે ને ઍક્ઝામ પૂરી થતા જ કેમ્પસ ઇન્ટરવ્યૂ થશે જ. એટલે એ અધૂરું કેમ છોડાય? એટ લીસ્ટ ઍક્ઝામ તો આપવી જ પડે. તમે બંને સમજો. હું અને બા અહી જ રહીશું. તું ચિંતા શું કામ કરે છે? હું બાનું પણ ધ્યાન રાખીશ અને બધું એક વાર કમ્પ્લીટ થાય પછી હું ત્યાં આવવાનું વિચારીશ.'

બંને જણાં વિચારમાં પડ્યાં પણ પછી એમને પણ વાત યોગ્ય લાગી. તેથી માની ગયાં. બીજા દિવસથી શોપિંગની તૈયારી કરવાનું નક્કી કર્યું. આદિ થોડું કામ હતું તે પતાવવા બહાર નીકળ્યો. વ્યોમ એના રૂમમાં ગયો અને નયનાબહેન અને બિંદુ રસોઈ બનાવવામાં લાગ્યાં. એકલા પડતાં જ બિંદુ નયનાબહેનને ભેટી પડી. એમણે એના માથે વ્હાલથી હાથ ફેરવ્યો.

'બેટા, કેટલાં વર્ષો પછી જાણે આટલી બધી ખુશી અચાનક મળી છે. તું ખુશ છે તો છેને બેટા?'

'હા, મમ્મી... ખુશ તો છું પણ ઊંડે-ઊંડે હજુ પણ મહેશના વિચાર આવે છે. પણ આદિની મારા માટેની લાગણી જોતાં હું એ વાત એની સામે બોલવા નથી માંગતી. મારી સાથે-સાથે એણે પણ તો રાહ જોવાનું તપ કર્યું છે. બાકી હું તો એમ સમજતી હતી કે એણે

બીજાં લગ્ન કરી લીધાં અને મારે આમ જ એકલપંથ કાપવાનો છે. એના ધૈર્ય સામે હું ઝૂકી ગઈ, મમ્મી!'

'જો બેટા, મહેશને તો હવે તું ભૂલી જાય તેમાં જ તારી ભલાઈ છે. હું જાણું છું કે આ થોડું અઘરું છે, પણ અશક્ય તો નથી જ. એની સ્મૃતિઓને ઊંડે દફનાવી દેવામાં જ ડહાપણ છે. આ કંઈ નાની-સૂની વાત નથી કે એ તો તૈયાર હોય જ, પણ સાથે એનાં ઘરવાળાં પણ આ લગ્ન માટે તૈયાર થાય.'

'મમ્મી, હું બધું સંભાળી શકીશ કે કેમ?'

'હાસ્તો, કેમ નહિ? આટલાં વર્ષોથી જો તું અહી કેટલું બધું સંભાળતી હતી, તે પણ એકલા હાથે. તો હવે તો તમે બે છો અને બીજા બધાનો સાથ તો ખરો જને!' જાણે સુંદર ભવિષ્ય સ્માઇલ બનીને હોઠ પર બેઠું હોય તેમ એના હોઠ મલકી ઊઠ્યા.

# પ્રકરણ-૯

ત્રણ-ચાર દિવસ તો એમ જ શૉપિંગ અને બીજી-બધી વ્યવસ્થાઓમાં નીકળી ગયા.આદિએ એના વકીલ સાથે મળીને કોર્ટમાંથી ઑર્ડર લઈને બધી કાયદાકીય વિધિ પૂરી કરી. જ્યારે એણે મહેશને મૃત જાહેર કરતું અને હવે એની બધી મિલકત બિંદુ અને વ્યોમના નામે થવાનું કોર્ટનું આદેશનામું જોયું ત્યારે એને થોડીવાર માટે મહેશનો વિચાર આવી ગયો કે એ ક્યાં હશે? હશે પણ ખરો કે કેમ? અને પોતે જે કરે છે તે યોગ્ય છે કે કેમ? વગેરે જેવા વિચારો એના દિમાગમાં આવી ગયા. એના વકીલે એને કંઈ પૂછ્યું ત્યારે એ તંદ્રામાંથી બહાર આવ્યો. બધાં વિચારો દિમાગમાંથી ખંખેરીને એણે ભવિષ્ય સામે મીટ માંડી. લગ્નના બે દિવસ બાકી હતા ને અમેરિકાથી આદિનાં માતા-પિતા અને કિઆરા આવી પહોચ્યાં. એના ભાઈ-ભાભી ત્યાં એ લોકોના સ્વાગત માટે રોકાયાં હતાં.

હતાં તો એ લોકો થોડાં જ, પણ હવે બિંદુનું ઘર ભરેલું લાગતું હતું. કિઆરા તો વળી મહેંદીની શોખીન નીકળી. એણે તો મુકાવી જ, પણ સાથે બધી લેડીઝને આની ફરજ પાડી. એની જીદ સામે આખરે બધાં ઝૂકી ગયાં.

આ બધામાં વ્યોમની કહેવાતી ગર્લફ્રેન્ડ નીકી પણ હતી અને એના મૉમ-ડેડ પણ આ લગ્નમાં સામેલ થવાનાં હતાં.'મૉમ, હું એક કલાકનો ક્લાસ છે તે ભરીને આવી જાઉં છું, કારણ કે રજા માટે સરને કહેવું પણ પડશે. 'હા વ્યોમ, જલદી આવજે. કાલની તૈયારી પણ કરવાની છે.' કહી બિંદુ કામમાં પરોવાઈ.

વ્યોમ ક્લાસમાં જવા બૅગ લઈ નીકળ્યો અને લિફ્ટનું બટન દબાવ્યું. બે-ત્રણ વાર ટ્રાય કરી ત્યારે લિફ્ટની જગ્યાએ વૉચમૅનનો અવાજ આવ્યો.

---

'વ્યોમભૈયા, આજ લિફ્ટ ખરાબ હે, દોપેર તક હો જાયેગા.'

---

વૉચમૅનનો અવાજ સાંભળતા જ એણે ફટાફટ દાદર ઊતરવા માંડ્યા. પહેલાં ફ્લોર પર પહોંચ્યો ત્યારે કોઈ અંકલ ધીરે-ધીરે દાદર ચઢતા બોલ્યા, 'લિફ્ટને પણ આજે જ બંધ થવાનું દેખાયું!'

વ્યોમ સાંભળીને સ્માઇલ આપીને ઊતરી ગયો. એમ પણ એ થોડો લેટ થયો હતો. જેવી બાઈકમાં ચાવી નાખી તેવું એને શું સૂઝ્યું કે તે જ સૅકન્ડે ચાવી કાઢી લઈને બે-બે પગથિયાં કૂદતો, હાંફતો ફરી દાદર ચઢી ગયો! જે કામ કરવા તે ફરી ઉપર ગયો હતો તે પતાવ્યા બાદ તે એક સંતોષ સાથે ફરી ક્લાસ જવા રવાના થયો.

આખરે એ ઘડી આવી પહોંચી. વહેલી સવારથી ઘરમાં દોડધામ ચાલુ થઈ ગઈ. ચા-નાસ્તો પતાવ્યા બાદ ધીમે-ધીમે બધાં તૈયાર થવાં લાગ્યાં. નયનાબહેન થોડી-થોડી વારે કામને લગતી કોઈ ને કોઈ સૂચના આપ્યા કરતાં હતાં.

આદિનાં પપ્પા-મમ્મી પણ તૈયાર થઈ ગયાં હતાં. એ લોકોએ સાથે મળીને એકવાર લગ્નનો સામાન ચેક કરાવી લીધો. કિઆરા અને વ્યોમ પણ રેડી હતાં. બીજા રૂમમાં બિંદુને બ્યૂટી પાર્લરવાળા રેડી કરતાં હતાં. બધું ઓકે થયું અને બિંદુ પણ તૈયાર થઈને બહાર આવી ગઈ. જેવી એ બહાર ડ્રોઈંગ રૂમમાં પહોંચી, બધાં આભાં બનીને તેને જોતાં જ રહી ગયા!

'વાઉ ! મમ્મી..' કિઆરા તો બોલીને વ્હાલથી બિંદુને વળગી જ પડી.

'યૂ આર લુકિંગ સો ગૉર્જિયસ, મૉમ!' વ્યોમ પણ વહાલથી મમ્મીને ભેટી પડ્યો.

બિંદુ અને નયનાબહેનની આંખો તગતગી ઊઠી.

'અરે, અરે! કોઈએ આંખો છલકાવવાની નથી, નહિ તો પાર્લરવાળાની મહેનત માથે પડશે ને ફરી મેકઅપ કરવો પડશે.' આદિના બોલતાં જ માહોલ જરા હળવો થયો અને બધાં હસી પડ્યાં.

'ચાલો-ચાલો, જલદી બધાં નીચે ઊતરો. પહેલા મંદિરમાં વિધિ પતાવીને પછી કોર્ટમાં જવા નીકળવાનું છે.' બોલતાં બધાં મંદિર જવા નીકળ્યાં.

બધાંની કાર મંદિરે પહોંચી. મહારાજ તૈયાર જ હતા. તેમણે બધાં સામાનની તપાસ કરી લીધી અને ઓકે કર્યું.

આદિ અને બિંદુને પાટલે બેસાડી મહારાજે વિધિ સ્ટાર્ટ કરી. બધાં ઉપસ્થિત મહેમાનો આ અનોખાં લગ્નની વિધિના સાક્ષી બનીને તેને ખુશીથી માણી રહ્યાં હતાં. આ બધું વ્યોમ જોતો તો હતો, પણ એનું મન બીજે ક્યાંક હતું.

---

'વ્યોમ, ક્યાં ખોવાયો છે?' નીકીએ એને હલાવ્યો. 'અરે, કશે નહિ, આ બધું જોઉ છું ધ્યાનથી, બસ!

પણ, એને ખબર હતી કે એનું મન ક્યાં હતું.એણે ત્યાંથી હટાવીને સામે ચાલી રહેલ વિધિમાં મન પરોવ્યું.કલાક સુધી ચાલેલ આ મંગલ પ્રસંગ અને પરિણયને બધા જ ભગવાનના આશીર્વાદ સમજી રહ્યા હતા. બિંદુ અને આદિના ચહેરા પર ખુશી ઝળકી રહી હતી તો બંનેનાં માતા-પિતાનું તો પૂછવું જ શું? નયનાબહેનની આંખોમાંથી વિરહ અને ખુશી મિશ્રિત આંસુ છલકાઈ ઊઠ્યાં. ફેરા પૂરા કરી બંને જણાં વડીલોના આશીર્વાદ લેવા લાગ્યા. વ્યોમ અને કિઆરાએ બંનેને ભેટીને શુભેચ્છાઓ અને પ્રેમ વરસાવ્યો.

બધાં સાથે વાતો કરતાં-કરતાં પણ વ્યોમના દિમાગમાં વિચારોનું ઘોડાપૂર ઊમટી રહ્યું હતું. પોતે જે કર્યું તે સારું કર્યું કે ખોટું? રહી-રહીને આ સવાલ એના ચહેરા પરના સ્માઇલની સહજતા ગાયબ કરી દેતો હતો. થોડી વાર પહેલાં જ થયેલી પપ્પા સાથેની વર્ષો પછીની મુલાકાતની ઘડી એ યાદ કરી રહ્યો. એ તો પ્રથમ નજરે ઓળખી પણ ક્યાં શક્યો હતો? ભલું થયું કે પાવર ન હોવાને લીધે લિફ્ટ બંધ હતી અને પોતે દાદર ઊતરી રહ્યો હતો, નહિ તો જો પપ્પા દાદર ચઢીને ઉપર ઘરે આવી જ ગયા હોત તો?

એણે કલ્પના કરી કે તો પછી આ જે હમણાં નજર સામે જે મંગલ પ્રસંગ ચાલી રહ્યો છે તે બનવાનું જ અશક્ય હોત. એ મમ્મીના સ્વભાવને જાણતો હતો. જો પપ્પા એને આ લગ્ન પહેલાં જ મળી ગયા હોત તો એ ફરી પાછી બધું ભૂલીને અને પપ્પાને માફ કરીને પહેલાંની જિંદગી અપનાવી લેતે. એની પોતાની ખુશીની તો એને પડી જ ક્યાં છે?

# પ્રકરણ-૧૦

‘એક્સ્ક્યુઝ મી!’ પેલા દાદર ચઢતા અંકલને વ્યોમે પાછળથી બૂમ પાડી. પેલા અંકલ ઊભા રહ્યા અને આશ્ચર્યથી પાછળ જોયું. વ્યોમ પહેલાં તો શાંતિથી ઊભો રહ્યો અને એકીટશે જોતો રહ્યો. પછી એમને પગે લાગીને જ્યારે કહ્યું કે, ‘પપ્પા, હું વ્યોમ!’ ત્યારે બે ઘડી તો મહેશ એને જોતો જ રહી ગયો હતો! આંખોમાં દીકરાને ન ઓળખી શકવાનો અફસોસ ડોકાતો હતો. પણ ક્યાંથી ઓળખે? પોતે જ્યારે ઘર છોડીને ગયો ત્યારે તો એ કેટલો નાનો હતો. અને આજે આટલાં વર્ષો પછી યુવાનીના ઉંબરે ઊભેલા વ્યોમને જોયો તો ન ઓળખવું સ્વાભાવિક હતું! છતાં દીકરાએ તો મને ઓળખી લીધાનો આત્મસંતોષ પણ ચહેરા પર ઝળકી ઉઠ્યો.

---

‘પપ્પા, તમે આટલાં વર્ષો ક્યાં હતા અને શું કર્યું તે હું નહીં પૂછું, કારણ કે એનો હવે મતલબ નથી.’

‘કેમ બેટા? તારી મમ્મી તો મજામાં છે ને ? તું પણ તો મોટો થઈ ગયો છે હવે તો!’

‘પપ્પા, હવે આ બધી વાતોનો કોઈ અર્થ નથી સરતો. અમે બધાં મજામાં છીએ અને ખૂબ જ ખુશ પણ છીએ. એટ લીસ્ટ, તમે જે હાલતમાં છોડીને ગયા હતા તેનાથી તો ખૂબ જ સારી હાલતમાં જીવીએ છીએ. અને હા, તમને અહીં રોકવાનું કારણ એટલું જ કે મમ્મી હવે એની જિંદગી જીવવા જઈ રહી છે, તમારા પડછાયાથી મુક્ત થઈને! તો જેમ આટલાં વર્ષો તમે જે દુનિયામાં કાઢ્યાં ત્યાં ફરી જતા રહો એટલી મારી વિનંતી.’ વ્યોમ બિલકુલ સપાટ સ્વરે અને વિનમ્રતાથી બોલ્યો.

‘એટલે તું કહેવા શું માંગે છે? બિંદુ મને મળવા નથી માંગતી?’ મહેશનો અવાજ થોડો તંગ થયો.

‘ના, એ લગ્ન કરી રહી છે અને તમારી યાદોના અને ફરી આવવાની આશાના અભિશાપમાંથી મુક્ત થઈ રહી છે.’ વ્યોમ સરળતાથી જવાબ આપી રહ્યો.

‘શું? હું હજુ જીવું છું, અને એ મને મૂકીને બીજા લગ્ન કરી રહી છે?એ પણ ડિવોર્સ વગર?’ મહેશનો અવાજ હવે ગુસ્સા સાથે સહેજ ધ્રૂજ્યો પણ ખરો.

‘ક્યાં હતા તમે જ્યારે અમને છોડીને આટલાં વર્ષો ગાયબ રહ્યાં? ત્યારે તમને ઘર, સમાજ, પત્ની, દીકરો કંઈ જ યાદ ન આવ્યું? અને આમ આટલાં વર્ષો પછી અચાનક આવી ચઢ્યા, તમારું મન થયું એટલે? અને હા, તમે કાયદાની વાત ન કરો. કારણ, અમે બધું જોઈને, સ્પષ્ટ કરીને પછી જ આ વિચારને અમલમાં મૂક્યો છે. અને, આદિ અંકલે બધી કાયદાની ગૂંચ ઉકેલી લીધી છે.’

‘શું બોલ્યો તું? આદિ અંકલ? આદિત્ય? બિંદુ એની સાથે લગ્ન કરી રહી છે?’ મહેશનો અવાજ તરડાઈ ગયો.

‘કૉલેજમાં કેવો હતો તે બધાને ખબર છે, અને એવા એ આદિત્ય સાથે લગ્ન? અને અમીનું શું?’

‘પપ્પા, આદિ અંકલ કૉલેજમાં કેવા હતા તે તો નથી ખબર પણ, જિંદગીમાં તો ખૂબ જ પ્રેમાળ અને જિંદાદિલ માણસ છે. અને તમે તો જતાં રહ્યા હતા પછી અમારા માટે એમણે ઘણું કર્યું છે. તમને અમારી કે મમ્મીની યાદ ક્યારેય નહોતી આવી, પણ એમણે અમારી ખૂબ સંભાળ લીધી છે. કદાચ તમારા ગયા પછી મમ્મી તૂટી જ ગઈ હોત જો એમણે અને અમી આંટીએ અમને બધાંને સંભાળ્યાં ન હોત. અમી આંટીનું પણ આકસ્મિક મૃત્યુ થયું પછી એ પણ એકલાં હતાં. છતાં તે સમયે પણ મમ્મીએ તમારી રાહ જોવામાં આટલાં વર્ષો કાઢી નાખ્યાં. સૌથી મોટી વાત એમણે મમ્મી સાથે લગ્ન અને તે પણ કાયદેસર લગ્ન કરવા માટે જે ધીરજથી રાહ જોઈ છે તેવી કદાચ જ કોઈ જોઈ શકે.’

એ પપ્પાના હાવભાવ જોવા અટક્યો, પછી ફરી બોલ્યો, ‘એટલે મારી તમને એટલી જ રિક્વેસ્ટ છે કે હવે જે થવા જઈ રહ્યું છે તેમાં ભગવાનની પણ એટલી જ મરજી છે અને તેથી જ આ બધું શક્ય બન્યું છે. તો મહેરબાની કરી હવે જ્યાંથી આવ્યા ત્યાં જ પાછા જતા

રહો અને જેમ આટલાં વર્ષો તમે તમારી જિંદગી જીવી તેમ હવે મમ્મીને એની જિંદગી જીવવા દો.'

મહેશ અવાક્ થઈ ગયો વ્યોમની વાતો સાંભળીને. જિંદગીની કિંમતી ક્ષણો હાથમાંથી રેતીની જેમ સરકી ગઈ હતી. એ ઘર છોડીને ગયો હતો ત્યારે એ સન્યસ્ત જીવનમાંથી પાછા ન ફરવાના સંકલ્પ સાથે જ ગયો હતો. પણ ફરી કોઈ નાજુક ક્ષણે એને આ બધાની યાદ ફરી અહીં ખેંચી લાવી. બાકી તો અહીંના તંગ માહોલથી અને માનસિક દ્વિધામાં અટવાઈને જ એ આ બધાથી દૂર જતો રહ્યો હતો. અને આજે વ્યોમ અને બિંદુની યાદમાં તડપતો એ અહીં સુધી આવી તો ગયો, પરંતુ આ અકલ્પિત ઘટનાના લીધે એનું માનસ ફરી વિચારે ચઢ્યું.

એ કલ્પી શક્યો કે આટલાં વર્ષોમાં ઘણું બદલાઈ ગયું છે. પોતે થંભી ગયો હતો, પણ સમય થોડો થંભે છે? એણે તો અવિરત વહેવાનું હોય છેને! અને આ વહેણમાં સૌ કોઈ એનાથી દૂર નીકળી ગયાં છે, હવે ક્યાં તેમને પકડવા?

'પપ્પા, શું વિચારો છો? હવે તમે જો ઉપર ઘરે જશો તો આગળ વધતી એક જિંદગી ફરી ત્યાં જ થંભી જશે.' વ્યોમ ભાવુકતાથી બોલ્યો.

'ના બેટા! કદાચ તું સાચું જ કહે છે કે મારે મારા સ્થાને પાછા ફરવું જોઈએ. એક મુક્ત આકાશ બિંદુના ઊડવાની રાહ જોઈ રહ્યું છે. કદાચ તું એ પણ સાચું કહે છે કે પહેલાંના અને હમણાંના આદિમાં ઘણો ફેર હશે. 'બલીયસી કેવલમ્ ઈશ્વરેચ્છા' આખરે ઇશ્વરની ઈચ્છા મુજબ જ બધું થાય છેને!

વ્યોમ જોઈ રહ્યો, મહેશની આંખ તગતગી ઊઠી હતી. તેણે વહાલથી વ્યોમના માથે હાથ ફેરવ્યો.

'લે, આ મારું એડ્રેસ અને ફોન નંબર રાખ. ક્યારેક તારા આ પપ્પાની અક્ષમ્ય ગણાતી ભૂલને માફ કરીને મળવાનું મન થાય ત્યારે આવી જજે. મને તો મારી ભૂલ સમજાઈ ગઈ, પણ મોડું થઈ ગયું.' મહેશ ડૂમો બાઝેલા અવાજે બોલ્યો.

'થેંક યૂ પપ્પા!' ખબર નહિ કેમ, કયા કારણસર પણ અનાયાસે જ વ્યોમથી મહેશને ભેટી પડાયું! ફરી એના માથે હાથ ફેરવીને મહેશ વળી ગયો. વ્યોમ ક્યાંય સુધી મહેશની પીઠ પાછળ જોઈ રહ્યો. એટલું બધું અણધાર્યું આ બની ગયું કે એ આનાથી આગળ કંઈ વિચારી જ નહોતો શકતો.

આ બાજુ આદિની ખુશીનો કોઈ પાર નહોતો. એ હજુ પણ માની નહોતો શકતો કે ફાઈનલી એના અને બિંદુનાં લગ્ન થઈ ચૂક્યાં છે. એણે વર્ષો પહેલાં જે ફીલિંગ અનુભવી હતી તે ફરી પાછી અનુભવી રહ્યો હતો.આખરે એની ધીરજ અને એના પ્રેમની જીત થઈ અને એની વાત માનીને બિંદુએ લગ્ન માટે 'હા' કહી અને કાયદેસરની મહોર પણ લાગી ગઈ હતી.

પછીની વિધિ જલદી જ આટોપાઈ ગઈ. અને આખરે આદિ અને બિંદુનાં  સાથે બહાર ફરવા જવાના, એમ કહો કે હનીમૂન પર જવાના પ્લાન પર પણ બિંદુની 'હા' થઈ હતી. બે દિવસ પછી એક નાની સરખી ટ્રિપનું આયોજન એમણે કરી લીધું હતું. દાર્જિલિંગનું પ્લાનિંગ કરીને ફ્લાઈટ પણ બૂક કરાવી લીધી.

ઘરનાં બધાં જ હવે નાની-મોટી તૈયારીમાં લાગેલાં હતાં. એક બાજુ બિંદુ બૅગ પૅક કરી રહી હતી અને નયનાબહેન અને કિઆરા એને મદદ કરી રહ્યા હતા. આદિ થોડું બહારનું કામ પતાવવામાં અને મહિના પછીની USAની ટિકિટ  બૂક કરવામાં લાગ્યો હતો. વ્યોમ એની કૉલેજમાં બિઝી થઈ ગયો.

# પ્રકરણ-૧૧

‘મા, અહીં મેં નાની-નાની પોલિથિન બેગ અને નવાં લાવેલાં મોજાં મૂક્યાં હતાં, તે ક્યાં છે?’ બિંદુએ પૂછ્યું.

‘ત્યાં નીચેના ડ્રોઅરમાં જો, બધું ત્યાં જ મૂક્યું છે.’ નયનાબહેને કીધું.

બિંદુ વાંકા વળીને ખાનું ચેક કરવા માંડી. થોડું શોધ્યા પછી બૅગ તો મળી પણ મોજાં ન મળ્યાં, ને એ ફરી નયનાને બૂમ પાડવા જ જતી હતી ત્યાં જ છૂટાછવાયા બે-ત્રણ ગડી કરેલા કાગળ દેખાયા. એણે ખાલી કુતૂહલથી જોયું. વ્યોમે કોઈ કંપનીનાં નામ અને એડ્રેસ લખ્યા હતા. એણે ફરી કાગળ ગડી કરી કે વ્યોમનું કામનું હશે, ત્યાં જ અચાનક એની નજર ત્રીજા કાગળના ઍડ્રેસ પર પડી. ઍડ્રેસ તો દાર્જિલિંગથી આગળ કોઈ સ્થળનું હતું. કદાચ ત્યાંથી આસપાસના કોઈ સ્થળ પાસે આવેલ એક મઠનું હતું.પહેલાં તો એને થયું કે, અમે જવાનાં છે ત્યાંનું જોવાલાયક કોઈ સ્થળ હશે. પણ પછી થયું કે તો એ વ્યોમના કાગળોમાંથી કેમ નીકળ્યું અને તેણે કંઈ કીધું પણ તો નથી. બે ઘડી એ વિચારમાં પડી કે ત્યાં વ્યોમનું કોણ ઓળખીતું નીકળી આવ્યું? કારણ કે અહીંનાં ઍડ્રેસ તો સમજ્યાં કે એને કદાચ કૅમ્પસ ઈન્ટરવ્યૂ થાય તો કામ આવે એટલે રાખ્યું હોય પણ દાર્જિલિંગ?

‘હશે, વ્યોમ આવે એટલે પૂછું.’ વિચારી ફરી કામે લાગી.

વ્યોમ આવીને ચા-નાસ્તો કરીને બેઠો.

‘બેટા, આ તને દાર્જિલિંગમાં કોણ ઓળખે છે?’ એણે હળવેથી પૂછ્યું.

વ્યોમ થોડો ચોંક્યો પણ એણે કળાવા ન દીધું. તરત બોલ્યો, ‘મને તો એમ કોઈ નથી ઓળખતું, પણ મમ્મી, અમારો એક ફ્રૅન્ડ છે તે ત્યાંનો છે અને અહીં ભણે છે. તેણે એક વાર આ ઍડ્રેસ આપેલું, એનું ગામ છે ત્યાનું.’

‘ઓહ! તો તો તું અમને આપી રાખજે, અને એને પણ કહી રાખજે કે એણે કંઈ મોકલવું હોય તો અમે જવાના છે તો એના ઘરે જઈશું. એ બહાને ત્યાનું એક ગામ જોવાશે.’

‘તું પણ શું મમ્મી, તમે ત્યાં ફરવા જવાના કે આવા કામ માટે જવાના? ને પાછું કીધા વગર એમ થોડું કોઈના ઘરે જવાય? તે કરતાં પણ એ લોકોનું ફૅમિલી પણ તો અહીં જ છે, એ તો એ લોકો બધા ખાલી વૅકેશનમાં ત્યાં જાય. એટલે કોઈ વાર ફરવા આવે તો આવજે એમ કહીને આપેલું.’ વ્યોમ બધું ગોઠવીને પણ સહજતાથી બોલ્યો.

‘ઓકે, ચાલ તું છોડ એ બધું ને મને પછી પૅકિંગમાં થોડી હેલ્પ કરવા લાગ.’ એમ બોલતી એ અંદર જતી રહી.

‘હાશ! આજે તો બાલ-બાલ બચી ગયો, નહિ તો શું જવાબ આપું તે જ નહોતું સમજાતું. એ ફટાફટ ઊઠ્યો અને ઍડ્રેસનો ફોટો પાડી મોબાઇલમાં સેવ કરી લીધો. આ લોકો જાય પછી ફાડીને ફેંકી દેવું પડશે નહિ તો મમ્મીને જો કંઈ ગંધ આવી ગઈ કે આ પપ્પા હાલ જ્યાં રહે છે તેનું ઍડ્રેસ છે તો... ત્યાર પછીની કલ્પનાને હકીકતમાં બદલાતા વાર નહિ લાગે.

વ્યોમ ઍરપોર્ટ પહોંચી ગયો હતો, મમ્મી અને આદિ અંકલને લેવા માટે. એ લોકો ફરીને આવી રહ્યાં હતાં. એમના ગયા પછી વ્યોમ એ જ પ્રાર્થના કરી રહ્યો હતો કે ત્યાં મમ્મી-પપ્પા ક્યાંક ભેગાં ન થાય. પણ, એવું કશું વાત પરથી લાગતું નહોતું.કારણકે કાલે પણ મમ્મીએ ત્યાંથી ફોન કર્યો ત્યારે એના અવાજ પરથી એ એકદમ ખુશખુશાલ લાગતી હતી. ઊલટાનું એણે ખુશ થતા વાત કરી હતી કે ફરવાની મજા આવી ગઈ !

ફ્લાઈટ લૅન્ડિંગનું ઍનાઉન્સમેન્ટ થઈ ચૂક્યું હતું. થોડા સમય પછી બંને બહાર આવ્યા. વ્યોમ બંનેને જોઈને ખુશ થયો. એ ઉમળકાથી આદિ અને મમ્મીને ભેટ્યો. બંને મળતાં જ વાતોએ વળગ્યાં.

અને બિંદુ, આદિ અને વ્યોમને વાતો કરતાં જોઈ ખુશ થતી હતી. અને આદિ મનોમન બંને મા-દીકરાની ખુશી જોઈ ખુશ થતો હતો. આખરે એ સાચે જ બિંદુને પ્રેમ કરતો હતો અને તેથી જ એની લાગણીની જીત થાય અને લગ્નની દરખાસ્ત મંજૂર થાય ત્યાં સુધી એણે રાહ જોઈ!

એ મનોમન બીજી વાત માટે પણ ખુશ હતો. એણે જ્યારે દાર્જિલિંગ ફરવા જવા માટે પસંદ કર્યું હતું ત્યારે એને ક્યાં ખબર હતી કે અનાયાસે એને ખજાનો મળી જવાનો છે. કહ્યું છેને નસીબમાં જે હોય છે તે થઈને જ રહે છે. દાર્જિલિંગ પહોંચ્યાં પછી તેના ખુશનુમા વાતાવરણમાં બંને જાણે ખોવાઈ ગયાં!

સાંજ સુધી હોટલની રૂમમાં રહ્યાં પછી આદિ થોડું આંટો મારવા બહાર જવા તૈયાર થયો. એણે બિંદુને પણ તૈયાર કરી જોઈ, પણ એ તો પલંગ છોડી ઉઠવા તૈયાર જ નહોતી. તેથી આદિ એકલો જ નીકળી પડ્યો. ફરતાં ફરતાં અને બધું જોતાં-જોતાં તે થોડે દૂર આવેલા બૌદ્ધ સાધુઓના મઠ ભણી ચાલવા લાગ્યો. ગજબની શાંતિ હતી મઠમાં. કદાચ હમણાં જ પૂજા પતી હોય તેમ સાધુઓ બહારની તરફ આવી રહ્યા હતા. અચાનક જ સાધુઓના સમૂહમાં રહેલાં મહેશને આદિએ ઓળખી કાઢ્યો અને સાનંદાશ્ચર્ય જોઈ જ રહ્યો. એકસાથે હજારો સવાલ એના મનમાં ઊઠ્યા. એ લોકો નજીક આવતા જ એ અચાનક પીઠ ફેરવીને મંદિરમાં રહેલી મૂર્તિઓને જોવા લાગ્યો. બધાં નીકળીને જતાં રહ્યાં પછી એણે થોડી પૂછપરછ કરી જોઈ. એક વાત જાણવા મળી તે એ કે, આ સાધુ અહીં વર્ષોથી રહે છે. બસ, આદિને સમજાઈ ગયું કે હવે મહેશને મળવાનો કોઈ ફાયદો નથી. એણે એનું જીવન ગોઠવ્યું છે તો ભલે! એને મળીને ફરીથી બધું વેરવિખેર ન કરી શકાય.

બિંદુને તો શું, કોઈને પણ આ વાત કોઈપણ સંજોગોમાં ન કરી શકાય. પણ, જો અમે અહીં છીએ ત્યાં સુધીમાં એ જોઈ જાય તો? ના. ના. પહેલું કામ હોટલ બદલવાનું કરવું પડશે. કોઈ બહાનું બતાવવું પડશે. એવું વિચારતો આદિ હોટલ ભણી ચાલવા લાગ્યો.

બીજા દિવસે સવારે બિંદુ થોડી વહેલી ઊઠી ગઈ હતી. અને ફ્રેશ થઈ બારી પાસે જઈ ઊભી રહી. એ તો દૂર દેખાતાં સુંદર પર્વતો અને ધીરે-ધીરે ઉદય થઈ રહેલા સૂર્યને નીરખી રહી. કુદરતની સુંદરતાને માણતાં એ ક્યાંય સુધી બારી પાસે બેસી રહી. અચાનક એની નજર હોટલની સામેના ભાગે આવેલાં એક સ્ટોર પર પડી. એક જાણીતો ચહેરો દેખાયો અને આશ્ચર્યથી એનાથી બોલી પડાયું, 'મહેશ?' ઘડીનો વિલંબ કર્યા વગર એ સીધી ચંપલ પહેરી, ઘસઘસાટ સૂતેલાં આદિ સામે નજર નાંખી નીચે તરફ દોડી... રખેને, એ જતો રહે તો!

એ ગેટની બહાર નીકળવા જતી હતી અને સહસા અટકી ગઈ. દીવાલની આડશ લઈ ઊભી રહી ગઈ. મહેશ બહાર નીકળી રહ્યો હતો, ઘેરાં મરૂન રંગના વસ્ત્રોમાં સજ્જ! સાથે બીજા એક સાધુ હતા. એણે એમને જવા દીધા. ક્યાંય સુધી એ એને જતાં જોઈ રહી. મહેશ અહીં છે? અને એ લોકો ક્યાં-ક્યાં ન શોધી વળ્યા. કાશ! એણે એક વાર તો કીધું હોત કે, હું હવે કોઈ બંધનમાં નથી રહેવા માંગતો. અથવા કંઈ તો કહીને ગયો હોત!

ધીમેથી એ પાછી વળી ગઈ. હવે એની પાછળ જવાનું એને યોગ્ય જ ન લાગ્યું! શું કામ જાય? જે નસીબના ભરોસે એ છોડી ગયો હતો, આજે એ જ નસીબના ભરોસે મહેશને એ જ ભગવામાં છોડીને એ સમયને સરભર  કરી રહી! એણે મનોમન નક્કી કરી લીધું કે, પોતે મહેશને જોયો છે એ વાત ક્યારેય કોઈને નહિ કરે! આદિ ઉઠ્યો ત્યારે એણે ધીમેથી કહ્યું, ‘તને એમ નથી લાગતું કે અહીંથી હિલ્સના વ્યુ બરાબર નથી દેખાતા!આ એક જ બારીમાંથી એક જ સાઈડ દેખાય છે. આપણે હોટલ બદલી નાખીએ તો કેવું?’ આદિને તો એ જ જોઈતું હતું. એ તરત માની ગયો.

બિંદુ મનોમન વિચારી રહી, મહેશે ભલે મારાં એની સાથેના જીવનનો અંત લાવી દીધો છે, પણ ત્યાંથી જ મારાં નવા જીવનનો આરંભ થાય છે !

-------------------****------------------

જીવનની નવી રાહ પર...

'તને શોધું છું જિંદગી ત્યારે તું જડતી નથી,
મને શોધે તું જયારે ત્યારે હું મળતી નથી...'

જિંદગી... તને શોધવાની આ સંતાકૂકડીમાં ઘણો સમય નીકળી ગયો. આખરે હવે છેક રૂબરૂ થઈ! તારા એ સ્પર્શથી હું ખીલી ઊઠી, નીખરી ઊઠી અને મહેંકી ઊઠી. તું હવે મારી આંગળી પકડી ચાલી રહી છે અને હું ધીરે ધીરે સફરની મજા લેતી તારી સાથે ચાલી રહી છું. સફરની શરૂઆતમાં અંતરાયો આવતાં ગયા અને હું તેનો સામનો કરતી ગઈ. આ પણ તે મને શીખવ્યું. તે સફરમાં મને ખૂબ સુંદર સાથી પણ શોધી આપ્યો. જે હરદમ, હરકદમ મારી સાથે રહ્યો છે. મારા આ પ્રયાસને એનો સતત ટેકો અને હૂંફ મળતાં રહ્યાં છે. એ મારી લાગણીનું આકાશ છે અને હું એનો રંગ.

પરિવારની સંભાળ, સમાજિક જવાબદારી અને નોકરી, આ બધાંની સાથે મેં જે સપનું જોયેલું અને જતનથી જાળવી રાખેલું તેના સાકાર થવાની આ ધન્ય ક્ષણો છે. હું માનું છું કે કોઈ પણ કામની શરૂઆત માટે મોડું નથી થતું. બસ, શરૂઆત કરવાની જરૂર છે.

હું આશા રાખું છું કે આપ સૌને આ વાર્તા ગમશે. એના અંતથી થતો નવા જીવનનો આરંભ પણ ગમશે!

ઉમા પરમાર

